RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 311* Date: 08.09.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દેશના ૭ રાજ્યોમાં આવકવેરા વિભાગના દરોડા

## રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતના નજીકના મંત્રી રાજેન્દ્ર યાદવના ૫૩ સ્થળો,યુપીમાં સમાજવાદી ક્રાંતિકારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષના ઘરે દરોડા




નવીદિલ્હી,તા.૭

આજે સમગ્ર દેશમાં આવકવેરા વિભાગ એક્શન મોડમાં જોવા મળ્યું હતું અને દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મુંબઈ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, બેંગ્લોરમાં આઈટી ટીમોએ ઘણા મોટા બિઝનેસ ગ્રુપ પર દરોડા પાડ્યા હતાં. વાસ્તવમાં આ વેપારીઓ કરચોરી અને રાજકીય ભંડોળના કારણે આવકવેરાના રડાર પર હતા. જે બાદ ટીમે બુધવારે સવારે અલગ-અલગ રાજ્યોમાં ૫૩ જગ્યાએ દરોડા પાડ્યા હતા. દરોડામાં ઈક્મટેક્સ વિભાગે ૧૦૦ વાહનોનો ઉપયોગ કર્યો હતો

રાજસ્થાનમાં મિડ-ડે મીલ કૌભાંડને લઈને મુંબઈ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને દિલ્હીમાં પણ આઈટીએ દરોડા પાડ્યા હતાં. આઈટીએ બેંગ્લોરના મણિપાલ ગ્રુપ પર પણ દરોડા પાડ્યા છે. રાજસ્થાનની રાજધાની જયપુરમાં મિડ-ડે મીલમાં કમાણી કરનારાઓના ઘર અને ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં મિડ-ડે મીલમાં કમાણી કરનારાઓ પર આવકવેરાના દરોડા પડ્યા છે. રાજ્યમંત્રી રાજેન્દ્ર યાદવ અને મિડ ડે મીલ બિઝનેસ ગ્રુપ પર ઈક્મટેક્સ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. રાજેન્દ્ર યાદવની કોટ પુતલીમાં ન્યુટ્રિશનલ ફેક્ટરી છે. આવકવેરાના દરોડામાં ૩૦૦થી વધુ પોલીસકર્મીઓ સામેલ હતાં. સુરક્ષા માટે સીઆરપીએફના જવાનોને પણ સાથે લેવામાં આવ્યા હતાં. સવારે આવકવેરાની ટીમ વેપારી જૂથના રહેઠાણ, ઓફિસ અને અન્ય સ્થળોએ પહોંચી હતી.

બેંગ્લોરમાં પણ મણિપાલ ગ્રુપ પર આઈટીના દરોડા પડ્યા છે. બેંગ્લોરમાં ૨૦ થી વધુ જગ્યાએ આઈટીની તપાસ ચાલી હતી દરેક વ્યક્તિ પર ટેક્સ ચોરીનો આરોપ છે. મિડ ડે મિલ કૌભાંડ કેસમાં મુંબઈમાં પણ આવકવેરાના દરોડા પડયા હતાં અહીં આઇટીની ટીમોએ ૪-૫ જગ્યાએ દરોડા પાડયા હતાં ઉત્તર પ્રદેશમાં પણ લગભગ બે ડઝન સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે છત્તીસગઢમાં દારૂના વેપારી અમોલક ભાટિયા સહિત ઘણા લોકોના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતાં યુપીમાં સમાજવાદી ક્રાંતિકારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગોપાલ રાયના ઘરે આવકવેરા વિભાગ કાર્યવાહી કરી હતી, રાયપુરમાં દારૂના વેપારી અમોલક સિંહ ભાટિયાના ઘર પણ દરોડા પડયા છે.

માહિતી અનુસાર, આવકવેરા વિભાગે રાજકીય પક્ષોના નામે દાન વસૂલવા સંબંધિત મામલામાં છેતરપિંડી કરનારાઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. આવકવેરાના સૂત્રોના જણાવ્યા અનુસાર આ કરચોરી અને કરોડો રૂપિયાની છેતરપિંડીનો મામલો છે.

ગુજરાતના અમદાવાદના ગોતા વિસ્તારની સિલ્વર ઓક યુનિવર્સિટીમાં પણ દરોડો પાડવામાં આવ્યો છે. આ કારણે વિદ્યાર્થીઓ અને સ્ટાફના કર્મચારીઓને રજા આપી દેવામાં આવી હતી. સિલ્વર ઓક યુનિવર્સિટીને તાજેતરમાં જ માન્યતા મળી છે અને તેમાં એન્જિનિયરિંગના નવા કોર્સ શરૂ કરીને એડમિશન્સ આપવામાં આવ્યા છે. અનેક મોટા ટ્રાન્ઝેક્શન્સ અને રાજકીય ફન્ડિંગ ધ્યાને આવતા આઈટી વિભાગે ડોક્યુમેન્ટ્સ અને ડિજિટલ ડેટાની તપાસ હાથ ધરી છે. ત્યારે કરોડો રૂપિયાની ટેક્સ ચોરી સામે આવી શકે છે.

બ્લેક મની એટલે કે, કાળા નાણાંને વ્હાઈટ કરવા માટેના ગોરખધંધાનો પર્દાફાશ કરવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકીય ફંડ અંગેના આ મેગો આપરેશન અંતર્ગત ગુજરાત સહિત દેશભરમાં ૧૦૦થી પણ વધારે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

આવકવેરા વિભાગે થોડા સમય પહેલા જ માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવતા રાજકીય પક્ષોને ડોનેશન આપનારા રાજયના ૪,૦૦૦ જેટલા કરદાતાઓને નોટિસ ફટકારવા માટે તૈયારીઓ હાથ ધરી હતી. આઈટી વિભાગે રાજકીય પક્ષોના હિસાબો અને ડિક્લેરેશનની તપાસ કરી હતી જેમાં અનેક પક્ષો સક્રિય રાજકારણમાં કોઈ ભૂમિકા ન ધરાવતા હોવાનું સામે આવ્યું હતું.

આવા ભૂતિયા પક્ષો વ્હાઈટમાં ડોનેશન મેળવે છે અને ૧૦-૨૦ ટકા જેટલું કમિશન બાદ કરીને બાકીની રકમ રોકડમાં પરત કરી દેતા હોય છે. જોકે ટેક્સ બચાવવા માટે આવા પક્ષોને ડોનેશન આપનારાઓ હવે સકંજામાં આવી રહ્યા છે.

આ પ્રકારની 'કેશ બેક'ની મોડસ ઓપરેન્ડી સમજવા માટે અનેક નાના અને સ્થાનિક રાજકીય પક્ષો સામે મોટા પાયે એક્શન લેવામાં આવેલી છે. આઈટી વિભાગના અધિકારીઓએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨,૦૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહારો અને ૩૦ કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસને પણ તે અંગે રિપોર્ટ મોકલવામાં આવેલો હતો.

આ પ્રકારના ભૂતિયા રાજકીય પક્ષો કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં પરત કરતા હોય છે. કલમ ૮૦ જીજીબી અંતર્ગત રાજકીય પક્ષોને આપવામાં આવતા દાન પર ઈક્મ ટેક્સ બાદ મળે છે. આ કારણે પેઢીઓ કે પછી ટેક્સ પેયર્સ તેનો ફાયદો ઉઠાવવા માટે આવા ભૂતિયા રાજકીય પક્ષોને ચેકમાં ડોનેશન આપે છે.

# ગાંધી પરિવારમાંથી અધ્યક્ષ નહીં બનવા પર કોંગ્રેસમાં ભંગાણનું જોખમ: પ્રમોદ તિવારી

જયપુર,તા૭

રાજસ્થાનના રાજયસભા સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું કે, કોંગ્રેસના અધ્યક્ષ ગાંધી પરિવારમાંથી જ બનવા જોઈએ. નહીં તો પાર્ટીમાં ભંગાણનું જોખમ છે.

તિવારીએ આરોપ લગાવ્યો છે કે, ભાજપ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની જેમ કામ કરી રહી છે. રાજધાની જયપુરમાં રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ કમિટીના કાર્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પ્રમોદ તિવારીએ કહ્યું કે, લૂંટથી બચાવવા માટે જનજાગૃતિ માટે 'ભારત જોડો યાત્રા'ની જરૂરત પડી છે. તિવારીએ કહ્યું કે, એક વીડિયો ઝડપથી ચાલી રહ્યો છે. હું ઈદ્ધને કહી રહ્યો છું. જવાબ મળે છે કે હું તો ભાજપમાં જોડાઈ ગયો છું. જવાબ મળે છે. સૉરી રોંગ નંબર. ઈડી સીબીઆઇ અને ઈક્મટેક્સનો ડર બતાવવામાં આવી રહ્યો છે. ઘણા રાજનેતાઓ ડરી રહ્યા છે. જો તેમની વચ્ચે કોઈ ઊભું છે તો ત્રિરંગો ઝંડો લઈને કોંગ્રેસના કાર્યકર્તા અને અમારા નેતા રાહુલ ગાંધી ઊભા છે.

પ્રમોદ તિવારીએ કહ્યું કે, જે કામ અંગ્રેજો કરતા હતા, તે જ કામ આજે કેન્દ્રની મોદી સરકાર અને ભાજપ કરી રહ્યા છે. દેશનો ઈતિહાસ સાક્ષી છે કે, જ્યારે-જ્યારે પણ આપણને ધર્મ અને ભાષાના નામે વિભાજિત કરવામાં આવ્યા છે ત્યારે આપણે નબળા જ નહીં પરંતુ ગુલામ બન્યા છે અને જ્યારે ધર્મ અને જાતિથી ઉપર ઉઠીને કામ કર્યું છે, ત્યારે દેશ મજબૂત બન્યો છે અને ભારત એક મોટી તાકાત બનીને આગળ આવ્યું છે.

પ્રમોદ તિવારીએ કહ્યું કે, જે રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપની ભાષા-ધર્મ, જાતિ, નસ્લ, પ્રાદેશિકતાના આધાર પર લોકોને વિભાજિત કરીને રાજ કરતી હતી. એ જ રીતે કેન્દ્રની મોદી સરકાર અને ભાજપ પણ ધર્મ-જાતિ, ભાષા અને પ્રદેશના આધાર પર લોકો પર બેસીને દેશમાં રાજ કરવા માંગે છે. એક સવાલના જવાબમાં પ્રમોદ તિવારીએ કહ્યું કે, કોંગ્રેસના અધ્યક્ષ ગાંધી પરિવારમાંથી જ બનવા જોઈએ. આમ નહીં થવા પર પાર્ટીમાં ભંગાણનું જોખમ છે.

રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાએ ભાજપ પર ઉગ્રતાથી નિશાન સાધ્યું. ડોટાસરાએ કહ્યું કે, ભાજપને દેશમાં મોંઘવારી અને બેરોજગારી દેખાતી નથી. તે તેના થોડા ઉદ્યોગપતિઓની તિજોરી ભરી રહી છે. ડોટાસરાએ કહ્યું કે, રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'નો હેતુ દેશને એકજૂટ રાખવાનો છે. ભાજપ દેશમાં ધર્મના નામે રાજનીતિ કરી રહી છે.

# ધરતી પરના સ્વર્ગ કાશ્મીરમાં ૩૨ વર્ષ પછી સિનેમાઘરોમાં પડદો ખુલશે

શ્રીનગર,તા.૭

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી સતત બદલાવ જોવા મળી રહ્યા છે. હવે શ્રીનગરમાં ૩ દાયકા પછી મલ્ટીપ્લેક્સ શરૂ થવા જઇ રહ્યા છે. સપ્ટેમ્બર મહિનાથી તેની શરૂઆત થશે. મલ્ટીપ્લેક્સમાં લોકોના સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જોકે, આ મલ્ટીપ્લેક્સ શરૂ થશે ત્યાં સુધીમાં અહીં ઠંડી પડી જશે. ખીણમાં કડકડતી ઠંડી હોય છે અને તાપમાન માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે જાય છે. આ દરમિયાન શ્રીનગરમાં ભારે હિમવર્ષા થતી હોય છે, પરંતુ સિનેમા માલિકોને આશા છે કે, ઠંડીના વાતાવરણમાં પણ તેમનું કામ ચાલુ રહેશે. સિનેમા હોલના માલિક વિજય ધારે કહ્યું, અમને લાગે છે કે શિયાળામાં મલ્ટીપ્લેક્સ સિનેમા વધુ ચાલશે. અમે હોલમાં સેન્ટ્રલ હીટિંગ સિસ્ટમ અને કૂલિંગની પણ વ્યવસ્થા કરી છે.

૧૯૯૦ ના દાયકામાં જ્યારે કાશ્મીરમાં સિનેમા હોલ અસ્તિત્વમાં હતા, ત્યારે હોલમાં હીટિંગની વ્યવસ્થા નહોતી. આવી સ્થિતિમાં લોકો ફિલ્મના અંત સુધી દરવાજા બંધ કરી દેતા હતા અને તેના કારણે હોલ આપોઆપ ગરમ થઈ જતો હતો. પરંતુ આ નવા મલ્ટિપ્લેક્સમાં એવું કંઈ નથી. શ્રીનગરના ધાર પરિવાર અને અગ્રણી ફિલ્મ વિતરકોમાંના એક ઁર્દંઠએ મલ્ટિપ્લેક્સ બનાવવા માટે સહયોગ કર્યો છે. આ મલ્ટીપ્લેક્સમાં એક સાથે ઓછામાં ઓછા ૫૨૦ લોકોને બેસવાની વ્યવસ્થા છે. તેની અંદર ૩ મૂવી થિયેટર અને બેસવાની આરામદાયક સુવિધા છે.

મલ્ટીપ્લેક્સના માલિક ધારે કહ્યું કે, અમે સપ્ટેમ્બર મહિનામાં બે હોલનું ઉદઘાટન કરવા માટે તૈયાર છીએ. ધારે કહ્યું કે, કાશ્મીરના યુવાનો મનોરંજન ઈચ્છે છે.

# લખીમપુર હિંસા : આશીષ મિશ્રાની જામીન અરજી પર સુપ્રીમની યુપી સરકારને નોટીસ

નવીદિલ્હી,તા.૭

લખીમપુર હિંસા મામલામાં આરોપી આશીષ મિશ્રા ઉર્ફે મોનુની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટે યુપી સરકારને નોટીસ જારી કરી છે કોર્ટે ૨૬ સપ્ટેમ્બર સુધી રાજય સરકારથી મામલામાં જવાબ આપવા માટે કહ્યું છે હવે આ મામલામાં ૨૬ સપ્ટેમ્બરે આગામી સુનાવણી થશે

આ પહેલા આશીષ મિશ્રા મોનુના વકીલ મુકુલ રોહતગીએ કહ્યું કે ઘટના સ્થળ સાંકળો હતો ભીડ ખુબ હતી વાતાવરણ તંગ હતું હંગામો થઇ રહ્યો હતો ગાડીના ડ્રાઇવર અને બે અન્ય સવારોને લોકોએ બહાર ખેંચી લીધા અને પિટાઇ કરી મારી નાખ્યા તેમણે દાવો કર્યો કે નજરે જોનારાના દાવેદારો ઘટનાને લઇ અલગ અલગ દાવા કરે છે કેટલાક લોકો અનુસાર તેજ ઝડપી કારે પ્રદર્શનકારીઓને ટકકર મારી અને કેટલાક લોકો કચડાઇ ગયા જયારે કેટલાક લોકોનું કહેવુ છે કે લોકોએ કાર રોકી અને ડ્રાઇવર અને એક અન્યને મારી નાખ્યા

મુકુલ રોહતગીએ કહ્યું કે એફઆઇઆરમાં લખ્યું છે કે આશીષ મિશ્રા આરોપી છે તે કારમાં બેઠા હતાં જયારે હંગામો ઉગ્ર થયો તો કારમાંથી જ પિસ્ટલ હવામાં લહેરાવીને ગોળી ચલાવી દીધી ત્યારબાદ શેરડીના ખેતરોમાં છુપાઇ ગયા જયારે બાદમાં એક સાક્ષીએ એ પણ માન્યુ કે તે નજરેજોનાર સાક્ષી ન હતો

તેમણે કહ્યું કે ધટના સ્થળેથી હથિયાર દ્વારા ચલાવવામાં આવેલ ગોળીનું ખોખુ પણ કબજે કરવામાં આવ્યુ નથી અન ન તો કોઇ ગોળીથી ઈજાગ્રસ્ત થયું છે એ આરોપ નથી કે આશીષ કાર ચલાવી રહ્યાં હતાં હાઇકોર્ટે પણ અત્યાર સુધી આ તમામ સંબંધિત મુદ્દાનું પરીક્ષણ કર્યું નથી

એ યાદ રહે કે લખીમપુર ખીરી જીલ્લામાં ત્રણ ઓકટોબર ૨૦૨૧ના રોજ નવા કૃષિ કાનુનોના વિરોધમાં કિસાન માર્ગ પર ઉતરી આવ્યા હતાં આરોપ છે કે કેન્દ્રીય મંત્રી અને સ્થાનિક સાંસદ અજય મિશ્રાના પુત્ર આશીષ મિશ્રાએ વિરોધ કરી રહેલ કિસાનો પર ગાડી ચલાવી દીધી ત્યારબાદ હિંસા થઇ અને આ હિસામાં ચાર કિસાનો સહિત કુલ આઠ લોકોના મોત નિપજયાં હતાં

જો કે યુપી ચુંટણી બાદ આશીષ જામીન પર જેલમાંથી બહાર આવી ગયા હતાં જામીન પર આશીષ મિશ્રાની મુક્તિનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો અને સુપ્રીમ કોર્ટે જામીન રદ કરતા આ કેસ અલ્હાબાદ હાઇકોર્ટમાં નવેસરથી વિચાર કરવા માટે મોકલી આપ્યો

# કેન્દ્રીય સુરક્ષા દળના જવાનોએ ઘરને ઘેરી લઇ દરોડાની કાર્યવાહી હાથ ધરી

કોલકતા,તા.૭

પશ્ચિમ બંગાળમાં સીબીઆઈએ મમતા સરકારમાં કાયદા મંત્રી મલય ઘટકના છ સ્થળો પર દરોડા પાડ્યા છે. કોલસા કૌભાંડમાં આ દરોડા પાડવામાં આવ્યા છે. માહિતી મળી રહી છે કે કેન્દ્રીય સુરક્ષા દળના જવાનોએ મલય ઘટકના ઘરને ચારે બાજુથી ઘેરી લીધું હતું અને ત્યારબાદ દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી

સીબીઆઇએ કોલકાતા અને આસનસોલ સહિત લગભગ છ સ્થળોએ દરોડા પાડયા છે જેમાં મલય ઘટકના ભાઈ અભિજિત ઘટકના સ્થળોનો પણ સમાવેશ થાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ તપાસના સંદર્ભમાં મલય ઘટકની પણ પૂછપરછ કરી છે. મલય ઘટક આસનસોલ ઉત્તર સીટથી ધારાસભ્ય છે. બંને તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે કોલસા કૌભાંડમાં ઘટકની કોઈ ભૂમિકા હતી કે કેમ. ઈડી આ કેસમાં મની લોન્ડરિંગ અને સીબીઆઈ ગુનાહિત પાસાની તપાસ કરી રહી છે. એવો આરોપ છે કે આસનસોલ નજીક કુનુસ્તોરિયા અને કજોરા વિસ્તારમાં ઈસ્ટર્ન કોલફિલ્ડની લીઝ પર આપવામાં આવેલી ખાણોમાંથી ગેરકાયદેસર રીતે કોલસાનું ખનન કરવામાં આવ્યું હતું.સીબીઆઈ અને ઈડી બંને એજન્સીઓ પશ્ચિમ બંગાળમાં કોલસાની દાણચોરીના કેસની તપાસ કરી રહી છે. ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ બંગાળના પશ્ચિમ ભાગોમાં ઘણી ખાણોનું સંચાલન કરે છે. આરોપ છે કે એક રેકેટ દરમિયાન ઘણા વર્ષોથી ગેરકાયદેસર રીતે ખોદવામાં આવેલ કોલસાને કાળાબજારમાં વેચવામાં આવતો હતો. આ કેસમાં કેન્દ્રીય એજન્સીઓએ અભિષેક બેનર્જી અને તેની પત્ની રૂજીરા બેનર્જીની પણ પૂછપરછ કરી છે. ઈઢએ દાવો કર્યો હતો કે ટીએમસી સાંસદ બેનર્જી આ ગેરકાયદે કારોબારમાંથી મળેલા નાણાંના લાભાર્થી હતા. જોકે, બેનર્જીએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા.સીબીઆઈ અને ઈડી બંને એજન્સીઓ પશ્ચિમ બંગાળમાં કોલસાની દાણચોરીના કેસની તપાસ કરી રહી છે. ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ બંગાળના પશ્ચિમ ભાગોમાં ઘણી ખાણોનું સંચાલન કરે છે.

# રાહુલ ગાંધીએ પોતાના પિતા રાજીવ ગાંધીના શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ પાઠવી : કોંગ્રેસ દ્વારા ભારત જોડો યાત્રા શરૂ

ચેન્નાઇ,તા.૭

કોંગ્રેસ દ્વારા આજથી ભારત જોડો યાત્રાનો આરંભ કરવામાં આવ્યો છે જે ૩,૫૭૦ કિમી લાંબી યાત્રા ૧૨ રાજયો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેશે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે તામિલનાડુથી ૫ મહિનાની યાત્રાનો શુભારંભ કર્યો હતો આ યાત્રાના પ્રારંભે રાહુલ ગાંધી વહેલી સવારે તમિલનાડુના શ્રીપેરૂમબુદુર ખાતે પહોંચ્યા હતા જયાં કાંચીપુરમ ખાતે તેમણે પોતાના પિતા રાજીવ ગાંધીના શહીદ સ્મારક ખાતે તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.આ સ્થળે જ રાજીવ ગાંધીની હત્યા થઈ હતી. રાહુલ ગાંધીએ અહીં સમાધિ સ્થળની સામે બેસીને પ્રાર્થના કરી હતી. તેમની સાથે કોંગ્રેસ નેતા ડીકે શિવકુમાર પણ જોવા મળ્યા હતા. રાજીવ ગાંધી અહીં ૧૯૯૧માં શહીદ થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી ત્યાં પહેલીવાર પહોંચ્યા છે

રાહુલ ગાંધીએ બોમ્બ બ્લાસ્ટમાં રાજીવ ગાંધીની સાથે માર્યા ગયેલા લોકોના પરિવારજનોની પણ મુલાકાત લીધી હતી.ત્યારબાદ તેઓ ચેન્નાઈ પરત ફર્યા હતા.ત્યારબાદ કન્યાકુમારી થી કાશ્મીર સુધીની ભારત જોડો યાત્રા શરૂ કરાઇ હતી

કન્યાકુમારીમાં રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધી મંડપ ખાતે એક કાર્યક્રમમાં સામેલ થયા હતાં જયાં તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે સ્ટાલિન ભારત જોડો યાત્રાના શુભારંભ પહેલા તેમને ખાદીનો રાષ્ટ્રીય ધ્વજ સોંપ્યો હતો આ સાથે છત્તીસગઢ અને રાજસ્થાનના મુખ્યમંત્રી પણ તેમાં સામેલ થયા હતાં યાત્રા દરમિયાન હજારો કોંગ્રેસી કાર્યકરો અને નેતા દરરોજ આશરે ૬-૭ કલાક ચાલશે.યાત્રા દરમિયાન કોંગ્રેસ મોંઘવારી,બેરોજગારી અને અર્થતંત્ર જે પ્રકારે ડૂબી રહ્યું છે તે મુદ્દાઓને આવરી લે તેવી શક્યતાઓ છે.

મિશન ૨૦૨૪ થી પહેલા કોંગ્રેસ પદ યાત્રા દ્વારા પાર્ટીના કેટલાય નેતા પાર્ટીમાં પ્રાણ ફુંકવાની કોશિશ કરી રહ્યા છે. જે અંતર્ગત ભારત જોડો યાત્રાની શરુઆત કરવામાં આવી છે . આપને જણાવી દઈએ કે, ભારત જોડો યાત્રા અભિયાન તમિલનાડૂના કન્યાકુમારીથી શરુ થઈને જમ્મુ કાશ્મીરમાં સમાપ્ત થશે.

## તંત્રી સ્થાનેથી...

# નફરતી અભિયાન

*એશિયા કપમાં પાકિસ્તાન સામે મેચ હાર્યા બાદ ભારતીય ટીમના બોલર અર્શદીપ સિંહ વિરુદ્ઘ ઈન્ટરનેટ મીડિયા પર જેવું નફરતભર્યું અભિયાન ચલાવવામાં આવ્યું અને ત્યાં સુધી કે તેના વિકિપીડિયા પેજમાં છેડછાડ કરીને તેને ખાલિસ્તાની ગણાવી દેવાયો, તે ભારત વિરોધી તાકાતોની નિરંકુશતા જ દર્શાવે છે. એનાથી સંતુષ્ટ ન થઈ શકાય કે સરકારે વિકિપીડિયાના અધિકારીઓ પાસે જવાબ માંગ્યો છે, કારણ કે અત્યાર સુધીનો અનુભવ એ જ દર્શાવે છે કે આ પ્રકારના ઈન્ટરનેટ પ્લેટફોર્મ ના તો ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલા કાયદાનું પાલન કરવા માટે તૈયાર છે, કે ના ભારતીયોના હિતોને નુક્સાન પહોંચાડનારાં તત્ત્વો પર લગામ લગાવવા માટે તૈયાર છે. હવે એમાં શંકા નહીં કે અર્શદીપ સિંહ વિરુદ્ઘ ટ્વિટર પર જે અભિયાન ચલાવવામાં આવ્યું, તેમાં પાકિસ્તાનના લોકોની ભૂમિકા હતી. ચિંતાની વાત એ છે કે તેમનો સાથ કેટલાક એવા ભારતીયોએ પણ આપ્યો, જેઓ પહેલાં પણ આ પ્રકારની હરકતો કરીને દેશને આગમાં ઝીકી ચૂક્યા છે. તેમાં એ મોહંમદ ઝુબેર પણ છે, જે ખુદને ફેક્ટ ચેકર અને ફેક ન્યૂઝ સામે લડનારો ગણાવે છે. તેની અવગણના ન કરી શકાય કે તેણે નુપુર શર્મા મામલે દેશ માટે મુશ્કેલીઓ ઊભી કરવાનું કામ કર્યું હતું. ઝુબેરના ટ્વીટને સૌથી વધુ રિટ્વીટ પાકિસ્તાનમાંથી મળ્યા છે તે શું સાબિત કરે છે? સ્વાભાવિક છે કે દેશને ખતરામાં મૂકનારાં ઝુબેર જેવાં તત્ત્વો સુધરવાનું નામ નથી લેવાનાં.*

*એક તથ્ય એ પણ છે કે જેવું અભિયાન અર્શદીપ સિંહ વિરુદ્ઘ ચલાવવામાં આવ્યું, એવું જ થોડા સમય પહેલાં ક્રિકેટર મોહંમદ શમી વિરુદ્ઘ પણ ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાન પણ પાકિસ્તાન પ્રાયોજિત હતું. કથિત ખેડૂત આંદોલન સમયે પણ ટ્વિટરે ભારતીય હિતો વિરુદ્ઘ સક્રિય તત્ત્વોનું કામ આસાન કર્યું હતું. ટ્વિટર કઈ રીતે ભારત વિરોધી તત્ત્વોનું પસંદગીનું મંચ બની ગયું છે, તેની ખબર એ ટૂલકિટથી પડી હતી, જેને કથિત પર્યાવરણ હિતેચ્છુ ગ્રેટા થનબર્ગે શેર કરી હતી. ટ્વિટર કેટલી હદે બેલગામ છે, તેનો સંકેત ગયા અઠવાડિયે કેન્દ્ર સરકાર દ્વારા કર્ણાટક હાઈકોર્ટને આપેલ એ જાણકારી પરથી મળે છે કે આ પ્લેટફોર્મ તેના દ્વારા બનાવવામાં આવેલ કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં પડ્યા છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે કર્ણાટક હાઈકોર્ટમાં દાખલ કરેલ પોતાના વિસ્તૃત જવાબમાં જે રીતે એમ કહ્યુ ંકે ટ્વિટર દેશના કાયદાઓનું ઉલ્લંઘન કરનારું પ્લેટફોર્મ બની ગયું છે, તે એક ગંભીર બાબત છે. એનાથી પણ ગંભીર વાત એ છે કે તમામ પ્રયાસો છતાં પણ સરકાર ટ્વિટરને પોતાના બનાવેલા નિયમ-કાયદાના દાયરામાં કામ કરવા માટે મજબૂર નથી કરી શકતી. એ ઠીક નથી કે વિકિપીડિયા કે ટ્વિટર જેવા પ્લેટફોર્મ ભારતીય હિતો વિરુદ્ઘ કામ કરનારાઓને ઉત્તેજન આપે.*

# બોધકથા..સુખનો પડછાયો



મૃત્યુનો સમય નજીક છે તે કેવી રીતે જાણી શકાય?

મૃત્યુ સૂચક ચિન્હો પૈકી સૌથી પહેલું લક્ષણ વૃદ્ધાવસ્થા છે પરંતુ નવાઈની વાત તો એ છે કે વૃદ્ધાવસ્થા આવવા છતાં આપણને મૃત્યુનો ભય હોતો નથી.આ અવસ્થામાં મનુષ્યના ભાઇ-બંધુઓ અને પૂત્ર પણ તેની આજ્ઞા માનતાં નથી અને પત્ની પણ પ્રેમ કરવાનું છોડી દે છે.વૃદ્ધાવસ્થા આવે અને ઈન્દ્રિયો શિથિલ ત્યાર પહેલાં બુદ્ધિમાન પુરૂષે તમામ તુચ્છ પ્રપંચોનો ત્યાગ કરીને ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સંત સદગુરૂની શરણાગતિ સ્વીકારી પ્રભુ પરમાત્માને જાણીને,માનીને તેમાં મન લગાવવું જોઈએ.

મૃત્યુ પહેલાં ચાર સંકેત આપવામાં આવે છે.પ્રથમ કાળા વાળ સફેદ થાય છે અને સૂચિત કરવામાં આવે છે કે નામ,મોટાઇ અને ધનસંગ્રહની ઝંઝટ છોડીને પ્રભુ ભજનમાં લાગી જાઓ પરંતુ મનુષ્ય બનાવટી રંગ લગાવીને સફેદ વાળને કાળા કરીને યુવાન બનવાના સ્વપ્ન જુવે છે.

બીજો સંકેત છે આંખોની રોશની ઓછી થવા લાગે છે તેમછતાં ચશ્મા પહેરીને જગતને જોવાનો પ્રયાસ કરે છે પરંતુ આંખો બંધ કરીને સંસારમાંથી દ્રષ્ટિ હટાવી પ્રભુના ધ્યાનમાં સૂરતા લગાવતો નથી. ત્રીજો સંકેત દાંત પડવા લાગે છે પરંતુ માનવ નકલી દાંત લગાવીને ભૌતિક પદાર્થોનો સ્વાદ લેવાનું ભુલતો નથી અને છેલ્લો સંકેત ભગવાને રોગ-ક્લેશ અને પીડાઓ મોકલી પરંતુ અહંકારવશ મનુષ્ય તેના તરફ પણ ધ્યાન આપતો નથી.

મનુષ્ય કાળના મોકલેલ સંકેતને ગણકારતો નથી અને અંત સમય નજીક આવે છે ત્યારે રડે છે. મૃત્યુ જીવનનું અંતિમ સત્ય છે.અમે જીવનમાં ગમે તેટલી ભૌતિક સંપત્તિ ભેગી કરીએ,પદ અને પ્રતિષ્ઠા મેળવીએ,ગમે તેટલા સારા સંતાનો હોય તેમછતાં એક દિવસ બધું છોડીને જવું પડે છે.આપણો જન્મ થયો તે સમયે જ અમારૂં મૃત્યુ ક્યારે ક્યાં અને કેવી રીતે થશે તે નક્કી થયું હોય છે માટે અમારે પ્રતિક્ષણ તેની તૈયારી કરવાની છે.શ્વાસે શ્વાસે પ્રભુ સુમિરણ કરવાનું છે કેમકે ખબર નથી કે ગયેલો શ્વાસ પાછો આવશે કે કેમ?

જેને પ્રાણ તત્વને જાણી લીધું તેને વેદને જાણ્યો છે.શરીરમાં રહેલ આત્મા સર્વવ્યાપક પરમાત્માનું જ સ્વરૂપ છે.માયારહિત જીવ એ બ્રહ્મનું સ્વરૂપ છે,બ્રહ્મ જ છે.બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે.આ વાત અનુભવથી સમજવા સ્વરોદય જ્ઞાન સાધન છે.પ્રાણનો સબંધ મન સાથે છે,મનનો બુદ્ધિ સાથે,બુદ્ધિનો આત્મા સાથે અને આત્માનો પરમાત્મા સાથે સબંધ છે.મૃત્યુનો સમય નજીક આવે ત્યારે આપણા શરીરમાં જે ફેરફારો થાય છે તેના ઉપરથી ખબર પડે છે કે આપણું મૃત્યુ ક્યારે થશે.

ગૃહસ્થોએ સૂર્યોદયના એક કલાક પહેલાં પથારી છોડી સ્વર પરીક્ષા કરવી જોઈએ.સૂર્યોદય થવા છતાં જે ઉંઘી રહે છે તેવા માનવોની લક્ષ્મી,યશ અને શાંતિનો નાશ થાય છે,રોગી થાય છે.કવિએ કહ્યું છે કે રાત્રે વહેલા જે સૂવે વહેલા ઉઠે વીર,બળ બુદ્ધિને ધન વધે સુખમાં રહે શરીર..

આપણે નાક દ્વારા જે શ્વાસ લઈએ છીએ તે પૈકી જમણી નાસિકામાં ચોવીસ કલાક સુધી સતત અખંડ રૂપથી શ્વાસ ચાલુ રહે તો તેનું આયુષ્ય હવે ત્રણ વર્ષ બાકી છે,ડાબી નાસિકામાં ચોવીસ કલાક સુધી સતત અખંડ રૂપથી શ્વાસ ચાલુ રહે તો તેની આયુષ્ય હવે બે વર્ષ બાકી છે એમ સમજવું અને જેનો ડાબી બાજુનો સ્વર લગાતાર બે કે ત્રણ દિવસ સુધી સતત ચાલે તો તેની આયુષ્ય એક વર્ષ બાકી રહ્યું છે તેમ સમજવું.જે મનુષ્યનો રાત્રે ચંદ્ર સ્વર અને દિવસે સૂર્ય સ્વર નિરંતર ચાલુ રહે તેનું છ માસમાં મૃત્યુ થાય છે. જેને સૂર્ય અને ચંદ્રના પ્રતિબિંબ ના દેખાય તેનું અગિયાર માસમાં મરણ થાય છે.જેનો સૂર્ય સ્વર સતત સોળ દિવસ સુધી ચાલે તેનું પંદર દિવસમાં મૃત્યુ થાય છે.જેને સ્વપ્નમાં મળ-મૂત્ર અને સોનું ચાંદી દેખાય તે દશ માસથી વધુ જીવતો નથી.જેની વચલી ત્રણ આંગળીઓ મરડાય ના, રોગ વગર જ કંઠ સૂકાઈ જાય તે છ માસમાં મરણ પામે છે.જેના સ્તનનું ચામડું બહેરૂં થઈ જાય તે પાંચ માસમાં દુનિયામાંથી વિદાઈ લે છે.જેના દાંત અને અંડકોષ દબાવવાથી દર્દ ના થાય તો તે ત્રણ માસમાં મરણ પામે છે.

ભૃકૂટી ના દેખાય તો નવ દિવસમાં,તારા ના દેખાય તો પાંચ દિવસમાં,નાક ના દેખાય તો ત્રણ દિવસમાં અને જીભ ના દેખાય તો બે દિવસમાં મૃત્યુ થાય છે.

બંન્ને નાસિકાઓના છિદ્ર દશ દિવસ સુધી નિરંતર ઉર્ધ્વ શ્વાસ ચાલે તો તેનું ત્રણ દિવસમાં મૃત્યુ થાય છે.જો શ્વાસ નાસિકાના બે છિદ્રો સિવાય મુખ દ્વારા લેવામાં આવે તો સમજવું કે બે દિવસમાં તે યમલોક માટે પ્રસ્થાન કરવાનો છે.જેના મળ-મૂત્ર અને વિર્ય અથવા મળ-મૂત્ર અને છીંક એક સાથે આવે તેનું આયુષ્ય હવે એક કલાક જ બાકી છે તેમ સમજવું.

જેને ઈન્દ્રનીલમણીના જેવા રંગવાળા નાગોનું ઝુંડ આકાશમાં અહીં તહીં ફેલાયેલું દેખાય તો સમજો તેનું છ મહિનામાં મૃત્યુ થવાનું છે.જેનું મૃત્યુ નજીક આવ્યું છે તેને અરૂંધતી(જીભનો અગ્રભાગ) અને ધ્રુવ(નાસિકાનો અગ્રભાગ)નો તારો દેખાતો નથી.વિર્ય,નખ અને આંખોના ખુણા કાળા પડી જાય તેનું છ માસમાં મૃત્યુ થાય છે.જેને પાણી,ઘી અને દર્પણમાં પોતાનું મસ્તક દેખાતું નથી તે એક માસ જ જીવે છે. બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય,વાણી સ્પષ્ટ ના નીકળે,રાત્રે ઈન્દ્રધનુષ દેખાય,બે ચંદ્રમા અને બે સૂર્ય દેખાય..આ બધા મૃત્યુના ચિન્હ દેખાય તેનું મૃત્યુ એક માસમાં થાય છે.

હાથથી કાન બંધ કરો અને કોઈપણ પ્રકારનો અવાજ ના સંભળાય તથા મોટું શરીર થોડા જ દિવસમાં દુબળું-પાતળુ અને દુબળું-પાતળુ શરીર મોટું થઈ જાય તો એક માસમાં મૃત્યુ થાય છે.જેને સ્વપ્નમાં ભૂત પ્રેત પિશાચ અસુર કાગડા કૂતરા ગીધ શિયાળ અને સુઅર તેને ખેંચાખેંચ કરે અને ખાય છે તે વર્ષના અંતે પ્રાણ ત્યાગ કરીને યમરાજાનાં દર્શન કરે છે.સ્વપ્નમાં કાળા રંગની કુવારી કન્યા જે પુરૂષને આલિંગનમાં લે તેને એક મહિનામાં યમપુરીનું દર્શન કરે છે.જે મનુષ્ય સ્વપ્નમાં વાનરની સવારી કરી પૂર્વ દિશામાં જાય છે તે પાંચ દિવસમાં યમપુરી જાય છે.જો કંજૂસ મનુષ્ય ઉદાર બની જાય કે ઉદાર મનુષ્ય કંજૂસ બની જાય તો તે જલ્દીથી મૃત્યુ પામે છે.ઉપરોક્ત મૃત્યુ સૂચક ચિન્હો જણાય ત્યારે સંસારની માયામાંથી મનને હટાવીને પ્રભુ નામ સ્મરણ અને ભજનમાં જોડી દેવું જેથી ખરાબ ગતિ ના થાય અને આવતો ભવ સુધરે.અસાર સંસારની માયા ધન-સંપત્તિ, વિષય-વૈભવ, સ્ત્રી-પૂત્ર પરીવારની ચિંતા છોડી ભગવાનની ભક્તિ કરવી જોઈએ કારણ કે મૃત્યુ સમયે તેમાંનું કોઈ સાથે આવવાનું નથી,ફક્ત સત્કર્મ અને ધર્મ જ સાથે આવે છે.મૃત્યુ સમયે જેનું ધ્યાન કરતાં કરતાં શરીર છોડે છે તે ભાવને અનુરૂપ ફરીથી બીજો જન્મ મળે છે.અંતકાળના ચિંતન અનુસાર બીજું શરીર મળે છે.

ભગવાને કહ્યું છે કે ''જે માણસ અંતકાળમાં મારૂં સ્મરણ કરતાં કરતાં શરીર છોડીને જાય છે એ મારા સ્વરૂપને જ પ્રાપ્ત થાય છે એમાં સહેજપણ સંશય નથી.(ગીતાઃ૮/૫)'' જયારે અંતકાળના સુમિરણ અનુસાર જ ગતિ થાય છે તો પછી અંતકાળમાં ભગવાનનું સ્મરણ થવા માટે મનુષ્યે શું કરવું જોઈએ? તેનો ઉપાય બતાવતાં ભગવાન કહે છે કે ×તૂં સર્વ કાળે નિરંતર મારૂં સ્મરણ કર અને યુધ્ધ પણ કર,આ પ્રમાણે મારામાં અર્પેલા મન બુધ્ધિથી યુક્ત થઈ તૂં ચોક્કસ મને જ પામીશ.

ભગવાનની યાદ આવવાથી હું શરીર છું અને શરીર મારૂં છે તેની યાદ રહેતી નથી એટલે તેને ભગવાનની પ્રાપ્તિ થાય છે.જેનું મૃત્યુ નજીક છે તેને ગીતામાં રૂચિ હોય તો ગીતાનો આઠમો અધ્યાય સંભળાવવો જોઈએ કેમકે આ અધ્યાયમાં જીવની સદગતિનું વર્ણન છે તેને સાંભળવાથી ભગવાનની સ્મૃતિ થાય છે.વાસ્તવમાં જીવ પરમાત્માનો સનાતન અંશ હોવાથી તેનો પરમાત્માની સાથે સબંધ છે.

નારદપુરાણમાં તો સંત-મહાપુરૂષોના પ્રભાવની વિચિત્ર વાતો આવે છે કે જો સંત-મહાપુરૂષ જેનો અંત સમય નજીક છે તે વ્યક્તિને,તેના મૃત શરીરને,તેની ચિત્તાના ધુમાડાને કે તેની ચિત્તાની રાખને જોઈ લે તો પણ તે જીવનું કલ્યાણ થાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## પીઓકે પાસે ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવાની તૈયારીમાં બેઠા છે ,એલર્ટ જારી કરાયું

નવીદિલ્હી,તા.૭

પાકિસ્તાનના અંકુશ હેઠળ કાશ્મીરમાં ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવા માટે ટાંપીને બેઠા છે તેવી બાતમી ઈન્ટેલિજેન્સે આપી છે. જેને પગલે સલામતી સંસ્થાઓ એલર્ટ થઈ છે અને ચોકી પ્હેરો વધારી દીધો છે. કેરન સેક્ટરમાં સૈનિકો ભારે સતર્કતા દાખવી રહ્યા છે. હવે આ મોરચે સૈનિકોને દુશ્મન પાડોશની સાથે સાથે આવી રહેલા શિયાળાની ઋતુ સામે મોરચો માંડવો પડશે.

સેનાએ દાવો કર્યો છે કે છેલ્લાં અનેક વર્ષોમાં ઘુસણખોરી ઘટી છે, પરંતુ પત્રકારો સાથેની વાતચીતમાં અધિકારીઓએ કહ્યું હતું કે ઈન્ટેલિજન્સની બાતમી એવી છે કે એલઓસી પર આવેલાં વિવિધ લોન્ચ પેડ્સ પર આશરે ૨૫૦થી વધુ આતંકીઓ ભારતમાં ઘુસવા માટે સજ્જ છે. સેનાના એક અધિકારીએ કહ્યું હતું કે અમે આવા તત્વોને ફાવવા નહિ દઈએ. ઉલ્લેખનીય છે કે આતંકીઓની ઘુસણખોરી ઉપરાંત સેના સરહદથી ડ્રગ્સની હેરફેર અંગે પણ ચિંતિત છે. સેનાના એક અધિકારીએ જણાવ્યું હતુ કે અમે આતંકીઓની ઘુસણખોરી સાથે શસ્ત્રો અને ગોળા બારૂદની હેરાફરી ઉપરાંત નાર્કોટિક્સના સ્મગલિંગ પર પણ બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ.

દરમિયાન આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદીનના બે આતંકીઓ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં એક એક્રાઉન્ટરમાં ઠાર મરાયા છે. સલામતી દળોએ જિલ્લાના પોશક્રીરી વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સર્ચ ઓપરેશન હાથ ધરાઈ રહ્યું હતું ત્યારે છુપાયેલા આતંકીઓએ સલામતી દળો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું જેના પગલે ગોળીબાર શરૂ થયો હતો. જેમાં બે આતંકી ઠાર મરાયા હતા. આ બન્ને આતંકીઓની ઓળખ ડેનિશ ભાટ અને કોકબ ડ્યુરી તરીકે થઈ છે.

એ યાદ રહે કે પાકિસ્તાની રેન્જરોએ મંગળવારે સવારે યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. તેણે બીએસએફના સૈનિકોને નિશાન બનાવી જમ્મુ-કાશ્મીરની આંતરરાષ્ટ્રીય સરહદ પાસે જમ્મુ જિલ્લાના અર્નિયામાં આડેધડ ફાયરિંગ કર્યું હતું. જોકે બીએસએફે પણ તેને સામે ફાયરિંગ કરીને યોગ્ય જવાબ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જમ્મુ-કાશ્મીરની સરહદે ભારત અને પાકિસ્તાને યુદ્ધવિરામની સંધિ કરી હતી.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના યુવા મહામંત્રી શ્રી કૃણાલ દિક્ષિતના કન્સેપ્ટ 'મુંબઈચા મહારાજા' ભગવાન પરશુરામ સ્વરૂપ ગણપતિબાપા ને વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું

ખૂબ જ આનંદની અને ગૌરવપ્રદ વાત છે કે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના યુવા મહામંત્રી શ્રી કૃણાલ દિક્ષિતે મુંબઈના પ્રખ્યાત 'મુંબઈચા મહારાજા' સાર્વજનિક ગણેશ ઉત્સવ મંડળને ભગવાન શ્રી પરશુરામરૂપી ગણપતિને સ્થાપના કરવા જણાવેલ અને તેમના પ્રસ્તાવને માન આપી રાષ્ટ્રની ઊંચામાં ઊંચી એટલે કે ૪૦ ફૂટ ના ગણપતિની રંગે ચંગે સ્થાપના થઈ આ ગણપતિને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે તેમજ ઈસ્કોનના સંત ગણો, સ્વામિનારાયણ સંપ્રદાયના સંત ગણો અને જૈન સમુદાયના સંત ગણોએ રૂબરૂ ગણેશજીના દર્શન કરી શ્રી કૃણાલ દીક્ષિતના આ કોન્સેપ્ટને બિરદાવ્યો હતો સાથે સાથે વિશ્વ ગુજરાતી સમાજના રાષ્ટ્રીય હોદ્દેદારોએ શ્રી કૃણાલ દીક્ષિતના આમંત્રણ ને માન આપી મુંબઈ ખાતે પધારી પરશુરામરૂપી ગણપતિબાપા ના આશીર્વાદ મેળવ્યા હતા.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર સોનાના મન્થલી ઓપ્શાન્સ કોન્ટ્રેક્ટ્સ પણ હવે ઉપલબ્ધ

સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૭૦૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૦૬૭૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (એમસીએક્સ) દ્વારા એક પરિપત્ર મારફત જણાવવામાં આવ્યું છે કે એક્સચેન્જ પર આગામી ૨૧ સપ્ટેમ્બરથી સોનાના મન્થલી ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ કામકાજ માટે ઉપલબ્ધ બનશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે સોનાના મિની-ગોલ્ડમાં મન્થલી ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ હતા અને સોનાના બાય-મન્થલી એટલે કે બે-બે મહિનાના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સ અત્યાર સુધી ઉપલબ્ધ હતા, પરંતુ હવે ૨૧ સપ્ટેમ્બરના રોજથી સોનાના મોટા કોન્ટ્રેક્ટ એટલે કે ૧ કિલોગ્રામના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં બે ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ કામકાજ માટે એક્સચેન્જે ઉપલબ્ધ બનાવ્યા છે, જેમાં ઓક્ટોબર અને ડિસેમ્બર ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સનો સમાવેશ થાય છે. અહિંયા એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે સોનાના વાયદા કોન્ટ્રેક્ટ્સ બે મહિનાના જ રહેશે, પરંતુ ઓપ્શન્સમાં જ મોટા ગોલ્ડના મન્થલી કોન્ટ્રેક્ટ ઉપલબ્ધ બનશે. બજારના સહભાગીઓની ઘણા સમયથી માગ હતી કે ઓપ્શન્સમાં જો મન્થલી કોન્ટ્રેક્ટ હોય તો વધુ લિક્વિડિટી રહી શકે છે, કારણ કે મન્થલી કોન્ટ્રેક્ટમાં પ્રીમિયમ અડધું થઈ જતું હોય છે. બે મહિનામાં જોખમની માત્રા પણ વધારે રહેતી હોય છે, તેની સરખામણીમાં મન્થલી કોન્ટ્રેક્ટ્સમાં ટાઈમ વેલ્યૂ ઓછી થઈ જાય છે. હાલમાં બજારના સહભાગીઓ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં વિશેષ રસ લઈ રહ્યા હોવાથી સહભાગીઓને સોનાના આ મન્થલી કોન્ટ્રેક્ટ આવવાથી વધુ સુવિધા મળી રહેશે.

એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૪,૪૬૭ સોદાઓમાં કુલ રૂ.૧૯,૪૧૨.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૭૦૦.૮૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૦૬૭૯.૪૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૦,૯૪૬ સોદાઓમાં કુલ રૂ.૪,૪૯૧.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૨૦૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૩૬૨ અને નીચામાં રૂ.૫૦,૦૦૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ ઘટી રૂ.૫૦,૨૭૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૨ ઘટી રૂ.૪૦,૩૬૧ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૫,૦૧૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૧૦ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૫૦,૩૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૮૭૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩,૬૫૦ અને નીચામાં રૂ.૫૨,૬૩૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૬ વધી રૂ.૫૩,૫૦૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૮૪ વધી રૂ.૫૪,૦૯૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૭૪ વધી રૂ.૫૪,૧૭૧ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૨૫૭ સોદાઓમાં કુલ રૂ.૨,૬૦૪.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૮૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૩૪ અને નીચામાં રૂ.૬,૮૨૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૧ વધી રૂ.૬,૯૮૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫.૫૦ ઘટી રૂ.૬૪૦.૪૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૫૭ સોદાઓમાં રૂ.૩૦.૮૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૬,૪૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૬,૯૦૦ અને નીચામાં રૂ.૩૬,૪૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨૦ વધી રૂ.૩૬,૭૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૫૦ ઘટી રૂ.૧૦૦૯.૨૦ થયો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૧.૭૪ કરોડનાં ૪૬૪ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૬૨૦ના સ્તરે ખૂલી, ૨૩ પોઈન્ટ વધી ૧૩,૭૦૭ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦,૬૭૯.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭૮.૫૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦.૧૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૮૧૩.૦૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૨૬.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૮.૭૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૫.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૩ અને નીચામાં રૂ.૧૮૫.૩૦ રહી, અંતે રૂ.૧૮.૬૦ વધી રૂ.૨૪૯.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬.૬૫ અને નીચામાં રૂ.૨૦ રહી, અંતે રૂ.૪.૧૫ ઘટી રૂ.૨૩.૪૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૯ અને નીચામાં રૂ.૨૩૭ રહી, અંતે રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૨૮૭.૫૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૫૩ અને નીચામાં રૂ.૩૭.૫૦ રહી, અંતે રૂ.૫ વધી રૂ.૪૪ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૭૭ અને નીચામાં રૂ.૧,૩૯૦ રહી, અંતે રૂ.૧૬૭ વધી રૂ.૧,૬૩૩ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૦.૬૦ અને નીચામાં રૂ.૨૩૮.૧૦ રહી, અંતે રૂ.૨૬.૮૦ ઘટી રૂ.૨૬૪.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૮.૦૫ અને નીચામાં રૂ.૧૯ રહી, અંતે રૂ.૬.૪૦ વધી રૂ.૨૫.૭૫ થયો હતો.

## માંસનું મુલ્ય
## શાકાહાર અપનાવો

### મગધ સમ્રાટ બિંદુસારે એક વખત તેની સભામાં પૂછ્યું હતું કે દેશની ખાદ્ય સમસ્યાને ઉકેલવા માટે સૌથી સસ્તી વસ્તુ કઈ છે?

મંત્રી પરિષદ તથા અન્ય સદસ્યગણ વિચારમાં પડી ગયાં કે ચોખા, ઘઉં, જુવાર, બાજરી વગેરે તો ઘણો શ્રમ કર્યા બાદ જ મળે છે.

એ પણ ત્યારે જ જયારે પ્રકૃતિનો કોઈ પ્રકોપ આપણી ધરતીપર ન ઉતરતો હોય ! આવી પરિસ્થિતિમાં, અન્ન કયારેય સસ્તું ના હોઈ શકે કે ના થઇ શકે ! એ પછી શિકાર કરવાનો શોખ ધરાવનાર એક સામંતે કહ્યું કે, ×રાજન, સૌથી સસ્તો ખાદ્ય પદાર્થ તો માંસ છે એને મેળવવા માટે મહેનત ઓછી કરવી પડે છે અને પૌષ્ટિક વસ્તુ ખાવા માટે સહેલાઈથી આપણને મળી જતી હોય છે બધાએ આ વાતનું સમર્થન કર્યું, પરંતુ પ્રધાન મંત્રી ચાણક્ય ચુપ હતાં ત્યારે સમ્રાટ બિંદુસારે એમને પૂછ્યું કે, × આપનો આ બાબતમાં શું અભિપ્રાય છે ?× ત્યારે ચાણક્યે કહ્યું, ×હું મારા વિચારો આવતીકાલે આપને જણાવીશ. × રાત પડી ગઈ ત્યારે પ્રધાન મંત્રી એ સામંતના મહેલે પહોંચ્યા અને બારણું ખોલીને અંદર પ્રવેશ્યા સામંત તો આટલી અડધી રાતે ચાણક્યને જોઇને જ ગભરાઈ ગયાં ! પ્રધાન મંત્રી ચાણક્યે કહ્યું, "સાંજથી જ સમ્રાટ એકદમ બીમાર પડી ગયાં છે રાજવૈદે કહ્યું છે કે કોઈ મોટી વ્યક્તિનાં હ્રદયનું ૨ તોલા માંસ જો મળી જાય તો રાજાના પ્રાણ બચી શકે તેમ છે અને એટલાં માટે હું તમારી પાસે તમારાં હ્રદયનાં માત્ર ૨ તોલા જ માંસ લેવાં આવ્યો છું. એના બદલામાં તમે આ એક લાખ સુવર્ણમુદ્રાઓ લઈ લો !" આ સાંભળતાની સાથે જ સામંતના ચહેરાનો રંગ ઉડી ગયો એને ચાણક્યની પગ પકડીને માફી માંગી અને ઉલટાનું એમને જ એક લાખ સુવર્ણ મુદ્રાઓ આપીને કહ્યું કે, "આ ધનરાશીથી કોઈ બીજા સામંતના હ્રદયનું માંસ ખરીદી લે" પ્રધાન મંત્રી એક પછી એક એમ દરેક સામંતોના ઘરે, સેનાધિકારીઓના ઘરે પહોંચ્યા અને એ દરેક સામંતો પાસેથી બે તોલા હ્રદયનું માંસ માંગ્યું, પરંતુ કોઈપણ આપવાં રાજી ન થયું ઉલટાનું દરેકેદરેક જણે પોતાનાં બચાવ માટે ચાણક્યને એક લાખ, બે લાખ અને પાંચ લાખ સુવર્ણ મુદ્રાઓ આપવાની તૈયારી બતાવી અને આપી પણ ખરી. આમ, આશરે ૨ ૨ કરોડ સોનાના સિક્કા એકઠાં કરીને ચાણક્ય સવાર થતાં સુધીમાં પોતાનાં મહેલમાં પાછાં આવ્યાં અને તે સમયે, રાજ સભામાં પ્રધાન મંત્રીએ રાજા સમક્ષ એ ૨ કરોડ સુવર્ણમુદ્રાઓ મૂકી દીધી. રાજાએ પૂછયું : ×આ બધું શું છે ?× ત્યારે ચાણક્યે એમને બતાવ્યું કે બે તોલા માંસ ખરીદવા માટે આટલી મોટી ધનરાશિ એકઠી થઈ થઈ ગઈ પણ ૨ તોલા માણસનું માંસ ન મળ્યું તે ના જ મળ્યું. રાજન, હવે આપ જ વિચાર કરો કે માંસ કેટલું સસ્તું છે તે. ચાણક્યએ જણાવ્યું છે કે જીવન અમુલ્ય છે આપણે એ ના ભૂલવું જોઈએ કે જેવી રીતે આપણને આપણો જીવ જેટલો વહાલો હોય છે બરોબર એવી જ રીતે દુનિયાના દરેક જીવોને પોતાનો જીવ વહાલો હોય છે. પછી માણસ જોય કે પશુ-પક્ષી ! પરંતુ આ બંનેમાં ફરક એટલો જ હોય છે કે મનુષ્ય પોતાનો પ્રાણ બચાવવાના હેતુસર સંભવિત પ્રયાસ કરતો હોય છે. બોલીને, રીઝવીને, ડરાવીને, સમજાવીને, લાંચ કે રુશ્વત આપીને ! પશુ - પક્ષી ન તો બોલી શકતાં હોય છે કે ન તો પોતાની વ્યથા કહી શકતાં હોય છે તો શું માત્ર આ જ કારણોસર એમનો જીવવાનો અધિકાર છીનવાઈ જવો જોઈએ !

શુદ્ધ આહાર , શાકાહાર !
માનવ આહાર , શાકાહાર !

ન્યૂઝ ઑફ ગાંધીનગર.

# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG NO.S.S.0059
વિષયઃ શબ્દ :' 'પૂર્ણાહુતિ'.
પ્રકારઃ ગદ્ય-લેખ.
શીર્ષકઃ 'એક સિક્કો બાજુ બે'.
શબ્દોઃ૨૭૭.
© જયકાન્ત ઘેલાણી પ્યાર

આ સૃષ્ટિના સર્જનથી,સંહાર સૂધી,
માનવજીવન સાથે 'પ્રારંભ' અને 'પૂર્ણાહુતિ' બે
શબ્દો વણ લખ્યાં જોડાયેલા રહેછે અને રહેશે, અને
પ્રારંભ અને પૂર્ણાહુતિ એક જાતનું
ચક્રછે, જે સતત ચાલતુ
રહેવાથી જ આ માનવજીવન અને વિશ્ર્વની
તમામ પ્રવૃતિઓ ઘમ ઘમતી અને મઘ મઘતી રહેછે.
આમ જોઈએ તો પ્રારંભ અને પૂર્ણાહુતિ મા
પૂર્ણાહુતિ' એ નવીપ્રવૃતિ ની જન્મદાતાછે .
જન્મ પ્રારભછે તો
મૃત્યુ પૂર્ણાહુતિ !
પ્રારંભ અને પૂર્ણાહુતિ એટલે પ્યારે', એક
સિક્કાની બે બાજૂઓ !
વિશ્ર્વમાં જે કોઈ કાર્યનો પ્રારંભ થાય, તે
કાર્યની પૂર્ણાહુતિ અવશ્ય
થાયજ, હાં પૂર્ણાહુતિ નો આધાર
સમય,સંજોગ અને તે કાર્યના મહત્વને
આધીન રહેછે.
ખેતરમા વાવણી સમયે વવાતું બીજ,
પ્રારંભછે ,તો ખેતરમાંથી તૈયાર કરી,ઘરે લવાતો
પાક કાર્યની પૂર્ણાહુતિ જ છે.
લગ્ન પ્રસંગનો પ્રારંભ,મંડપ મૂર્હત થી તો
પૂર્ણાહુતિ !, જાનને અપાતી વિદાય- શીખ
આપવાની પ્રણાલી, એ લગ્ન પ્રસંગની પૂર્ણાહુતિ!
ઝઉ્= કોમન વેલ્થ ગેઈમ હોયકે
વિશ્ર્વસ્તરે રમાતી ઓલમ્પિક ગેઈમ ! આવી
રમતોનો પ્રારંભ જોરદાર તો પૂર્ણાહુતિ પણ વધુ
જોરદાર !
સત્યનારાયણની કથા હોય કે
ભાગવત સપ્તાહનૂ વિશાળ
આયોજન ! પૂર્ણાહુતિ તો અવશ્ય રહેવાનીજ
!.
પ્યારે' પૂર્ણાહુતિમા જ નવા પ્રારંભ નૂ બીજ
રહેલુ હોયછે.
પ્રારંભ અને પૂર્ણાહુતિ એ બે
માનવ જીવનનાં અવિભાજ્ય
અંગછે, પ્રારંભ અને પૂર્ણાહુતિ
નવ જીવનનું પેયછે .
ચાલો પ્રારંભ ની જેમજ દરેક
પૂર્ણાહુતિ ને પણ ઉમંગભેર વધાવીએ .

---

NOG SS No: 120
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : પ્રારંભ - પૂર્ણાહુતી
વિષય : પૂર્ણાહુતી

'પ્રારંભ - પૂર્ણાહુતી'
રામના રાજ્યાભિષેકની તૈયારીમાં આયુ
વિઘન કર્યો વનમાં પ્રારંભ,
દશરથ રામ વિયોગે મરાયા તત્કાલ દિકરા
વગર કરવી પડી પૂર્ણાહુતી.
રામ-સીતાને લક્ષ્મણ ચૌદવરસ વનવાસની
વાટે જવા કર્યો પ્રારંભ,
અયોધ્યા નગરી સૂમસામ થઈ ગઈ છતાં પણ
કરવી પડી પૂર્ણાહુતી.
રામને સરિયુ નદી પાર કરાવી કેવટે ચરણ
પખાળી વનને માર્ગે કર્યો પ્રારંભ
ભરત સેના લઈ રામને વિનવી ચરણ પાદુકા
થી કરવી પડી પૂર્ણાહુતી.
પ્રભુને વનના વનફળ આરોગી દિવસો
વિતાવવા જંગલમાં કર્યો પ્રારંભ,
માયાવી સોનામૃગ મારીચને બાણ વાગતા જ
કરવી પડી પૂર્ણાહુતી.
હે સીતે બૂમ પડતાં લક્ષ્મણે દોટ મૂકી ભૈયા
પાસ જવા કર્યો પ્રારંભ,
સાધુ વેશે આવીલંકાપતી રાવણે સીતાના
હરણથી કરવી પડી પૂર્ણાહુતી.
જટાયુ કહે રાવણ માતાનું હરણ કરી ગયો
સાંભળી શોધનો કર્યો પ્રારંભ,
જટાયુને મોક્ષ આપી સીતાની શોધમાં
રામજીએ કરવી પડી પૂર્ણાહુતી.
પંપાસરોવરની પાળે શબરીના એંઠા બોર
ખાઈને તત્કાલ કર્યો પ્રારંભ,
શબરીની ઝૂંપડીએ રામ-લક્ષ્મણના પાવન
પગલે કરવી પડી પૂર્ણાહુતી.
હનુમાનજી-જાંબુવન અને અંગદને સાથમાં
લઈને રામે કર્યો પ્રારંભ,
લંકામાં જવા સમુદ્રપાર કરવા રામસેતુ
બનાવી કરવી પડી પૂર્ણાહુતી.
સીતામાતાની શોધમાં હનુમાનજીએ અંગઠી
વિશ્વાસે કર્યો પ્રારંભ,
હનુમાને રામના દૂત થઈ લંકામાં લગાવી
લ્હાય કરવી પડી પૂર્ણાહુતી,
રામ-રાવણના યુદ્ધની તૈયારી કરીને વિભીષણે
કરાયો યુધ્ધનો પ્રારંભ,
લક્ષ્મણ કહે રામને ભૈયા વિભીષણ સાથે કેમ
કરવી પડી પૂર્ણાહુતી.
જયશ્રીરામ ના નાદ સાથે વાનરસેનાએ લંકામાં
યુધ્ધનો કર્યો પ્રારંભ,
મેઘનાદે આક્રોશથી કર્યો લલકાર પછી
પસ્તાઈને કરવી પડી પૂર્ણાહુતી.
યુધ્ધનો આદેશ વાનરસેના નાયક હનુમાનજીએ
આપી કર્યો પ્રારંભ,
ભરતને મૂર્છાઆવી હનુમાનજી જડીબુટ્ટી
લાવ્યાને કરવી પડી પૂર્ણાહુતી.
મંદોદરી સમજાવે રાવણને સીતાજી સોંપી
યુધ્ધનો ન કરાવશો પ્રારંભ,
અહંકારી રાવણના વિરોધમાં ભાઈ
વિભીષણને કરવી પડી પૂર્ણાહુતી.
રામ-રાવણ યુધ્ધમાં સામસામે મંત્રોચ્ચારથી
બાણનો થયો પ્રારંભ,
અંતે પલમાં લંકા ખોઈ રાવણનો થયો વિનાશ
કરવી પડી પૂર્ણાહુતી.
રાવણે રામના હાથે મરવા સીતાનું હરણ કરી
યુધ્ધનો કરાવ્યો પ્રારંભ,
ગર્વ કરી રાવણ હાર્યો વિભીષણે રાજ મેળવી
કરવી પડી પૂર્ણાહુતી.

નામ : રમીલાબેન ડી મકવાણા 'રમા'
સ્થળ : લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા
તારીખ : ૦૭-૦૯-૨૦૨૨

---

NOG SS NO- 111
વિષયઃ પૂર્ણાહુતિ
વિભાગઃ ગદ્ય/લેખ
શીર્ષકઃ શિક્ષાયજ્ઞ - પૂર્ણ આહુતિ
શબ્દસંખ્યાઃ ૩૫૦

પૂર્ણાહુતિ એટલે સમાપ્તિ. જીવનકાળ દરમ્યાન હાથ ધરેલ કોઈપણ કાર્યારંભ પછી તે સંપન્ન થાય તે પૂર્ણ સ્વરૂપ એટલે પૂર્ણાહુતિ. માનવજીવનનું પણ કાંઈક એવું જ છે ને! જીવન પણ આપણને મળેલો એક અવસર તો છે! જીવનની પૂર્ણાહુતિ એટલે અંતિમ વિદાયવેળાએ એક ઉત્સવ જેવું જીવન જીવી જવાય , એવું લક્ષ્ય હોવું જોઈએ.

આજે વાત કરવી છે મુંબઈના એક જાજરમાન, નિરાભિમાની, મિતભાષી, શિક્ષણક્ષેત્રે સમર્પિત વ્યક્તિત્વ ધરાવનાર શ્રી.બાલકૃષ્ણ હરગોવિંદ આચાર્યની , જેમણે આજીવન શૈક્ષણિક, સામાજિક સેવાને પ્રાધાન્ય આપ્યું. ગ્રેજ્યુએટ થયા બાદ પોતાનો પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યો. સાથે સન ૧૯૩૭ માં સ્થાપિત પરિવાર સંચાલિત ' માટુંગા પ્રિમીયર સ્કૂલ ' પણ સંભાળતા હતાં. એક કપરા સમયે શાળાને જરૂર પડતાં પૂરો સમય શાળાને ફાળવી કસોટી પાર પાડી. જીવનમાં શિક્ષણ ભેખ ધારણ કરી માનો શિક્ષણયજ્ઞ શરૂ કર્યો. શાળા તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ, જરૂરતમંદોને સહાય એ તેમનો જીવનમંત્ર હતો. સામાજિક કાર્યો, શિક્ષણ વિકાસનાં પગલાં લેવામાં સદા અગ્રેસર રહેતાં. આજીવન પ્રસિદ્ધિથી દૂર રહ્યાં . વિદ્યાર્થીઓને તેમની ભૂલો પ્રેમથી સમજાવી સુધરાવતાં. તેમની સામાજિક સેવાને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે તેમને જીઈસ્ બનાવ્યાં હતાં. મુંબઈ મહાનગર પાલિકા દ્વારા શાળા પાસેનાં ચોકને 'બાલાભાઈ આચાર્ય ચોક' નામકરણ કરી તેમનું ગૌરવ વધાર્યું તે સાથે એ સન્માનથી અમ સર્વેની છાતી ગજ ગજ ફૂલે છે.

તેઓએ પરિવાર સમક્ષ દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.પરિવારનો ખચકાટ દૂર કરતાં કહ્યુ કે મારાં શરીરની રાખથી તમને શું મળશે? મારા દેહદાનથી મૅડિકલ શાખાનાં વિદ્યાર્થીઓને શીખવા મળશે. મુંબઈ સ્થિત લોકમાન્ય ટિળક સાયન હૉસ્પિટલમાં દેહદાન માટે નામ રજિસ્ટર કરાવ્યું. ટાઈપ-૨ ડાયાબિટીસ, અંગૂઠામાં ગેંગરીન સાથે શારીરિક તકલીફો શરૂ થઈ. ૧૮ સપ્ટેમ્બર, ૧૯૯૪ તેમના ૬૦ માં જન્મદિન અને અનંત ચતુર્દશીનાં દિવસે ટૂંકી માંદગી બાદ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયાં. શિક્ષણયજ્ઞની પૂર્ણાહુતિ એ દેહદાન કરી અંતમાં પણ વિદ્યાદાન કરતાં ગયાં. સમાજ અને શિક્ષણક્ષેત્રને ઉત્તમ મિત્ર, માર્ગદર્શકની ખોટ પડી.

'શ્રદ્ધાંજલિ'
ભાઈ,આજે તમે બહુ યાદ આવો છો,
નથી વિસરાતી વસમી વિદાયની ક્ષણ,
જન્મદિને જ ગણપતિ સંગે,
ચાલી નીકળ્યાં અનંતવાટે !
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.
મૃત્યુથી શેનો ડર ?' હિંમત બંધાવી,
સમજાવી ગયાં જીવનનો સાર.
ભાઈ, આજે તમે બહુ યાદ આવો છો.

આજે દીકરીઓ જ નહીં, સર્વે મિત્રો,
જુઓ, યાદ કરેછે નતમસ્તક
????????
વિદ્યાર્થીવૃંદ,શિક્ષકવૃંદ આપને,
શત્ શત્ નમન! કરી કહેછે,
સર, દેહદાન કરીને, અંતમાં ,પણ
વિદ્યાદાન કરતાં ગયાં '????
ભાઈ,તમે બહુ યાદ આવો છો !
ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'
૦૭/૦૯/૨૦૨૨

## શ્રાવણની સમાપ્તિ

સૌ શિવાલયોના રસ્તા સૂના થશે,
શ્રાવણ સમાપ્તિએ સૂના સૂના થશે.
મહાદેવજી નિરાંતનાશ્વાસ લેશે,
પાર્વતી-શંભુને મોજના ઘુના થશે.
મંદિરના કમાડ,પરિસર બધું ફૂલશે,
મંદિરનું ક્ષેત્રફળ દો ચાર ગુના થશે.
બિલિના વૃક્ષ, ધતૂરાને રાહત થશે,
ભક્તોની ચહલપહલ વિના સૂના થશે
મહાદેવ,નંદી, કાચબો ને પુજારી,
અભિષેકથી બચશે સૌના દેહ ઉના થશે.
આવતા વરસ લગી કોઈ યાદ કરશે?
સૌ ગુલતાનમાં તુનુક તુનુક તુના થશે
ભરત વૈષ્ણવ
૭.૯.૨૦૨૧.# કવિતા

---

## આંગળીથી નખ વેગળા અટલે વેગળા!!!

"દિલ કે અરમાંન આંસુઓમેં બહ ગયે. હમ વફા કર કે ભી તન્હા રહ ગયે. દિલલલલકે અરમામામન ૫." રાજુ રદીએ ભેંસાસુરમાં નિકાહ ફિલ્મમાં અભિનેતા કમ સિંગર સલમા આગાએ ગાયેલ ગઝલ-નઝમ- ગીત-મૌસકીની નિર્મમ, કરપીણ, ગમખ્વાર કત્લ કરતાં ગીત લલકાર્યું. હવામાં સનસનાટી હતી. વાતાવરણ બોઝિલ હતું. કરૂણ ભાવો આકાશમાં વાદળાની જેમ મંડરાઇ રહેલા!!

" રાજુ. આ વાદ્યને કરૂણ કેમ સૂર ભાવ્યા છે?" મેં સહાનુભૂતિપૂર્વક પૂછયું.

" એક દિલ કે ટુકડે હજાર હુએ કોઇ ઉધર ગિરા, કોઇ ઇધર ગિરા. " રાજુએ પાછો કરૂણ શેર ફટકાર્યો.

" રાજુ. એક છોકરીએ ના પાડી એટલે જીવન સમાપ્ત થતું નથી. તું નહીં તો ઔર સહી, અભિગમ રાખવાનો. સૌ સારા વાના થશે. એક દિવસ ભાર્યાનો સૂરજ ચંદ્રનો તારા જીવનમાં ઉદય થશે." મેં આશ્વાસન આપ્યું!!

" કયાં હુઆ તેરા વાદા, વો કસમ વો ઇરાદા, ભૂલેગા દિલ જિસ દિન તુમ્હે વો દિન જીંદગી કા આખરી દિન હોંગા" રાજુની આંખમાંથી ડબકડબક આંસુઓ વહી રહ્યા હતા!!

" રાજુ. દોસ્ત તને શું થયું છે? તું ઉદાસ રહે તે કેમ પાલવે?" મેં ઢીલા થઇને રાજુને પૂછયું. મારી આંખોમાંથી આંસુ સરવાનું જ બાકી હતો. હું સેન્ટી થઇ ગયો.'

" નવ કરશો શોક રસિકડા, નવ કરશો કોઇ શોક!" ગુજરાતના આધ્યકવિ વીર નર્મદની જેમ રાજુએ પણ લલકાર્યું.

" વોટ ઇઝ હોઇંગ હેલ, રાજુ?? " મેં રાજુને હલબલાવી નાંખ્યો!!

" ગિરધરભાઇ બસો વરસ જૂની ગુલામીનું વેર લેવાનો સમય આવેલો. પણ મોકો ચૂકી જવાયો. મોકા કા ચોકા લગાવવાનો બદલે આપણે કલિન બોલ્ડ થઇ ગયા?" રાજુ ઉરાંગઉટાંગ ધડમાથા વગરની એબ્સર્ડ વાત કરી રહ્યો હતો.

"રાજુ . તારી વાતોમાં કોઇ ભઠિયો નીં મલે" મેં સુરતી સ્ટાઇલમાં કહ્યું.

ગિરધરભાઇ. વેપારીના સ્વાંગમાં ડચ, વલંદા, ફિરંગીની જેમ અંગ્રેજો ભારતમાં વેપાર કરવા આવેલા, વૈધવ્ય પામેલ વિપ્ર વિધવા બ્રાહ્મણ મહિલાના કપોલ પ્રદેશ જેવો દેશ જોઇને સતા હથિયા માટે અંગ્રેજોની દાઢ ડળકેલી. એવું કહેવાય છે કે વાવટો અને બાઇબલ સાથે જાય છે. કૂડકપટ , છળકપટ આચરીને મુઠ્ઠીભર અંગ્રેજોએ લાલચુ અને ગદાર ભારતીયોની મદદથી ભારત પર આધિપત્ય જમાવ્યું. દેશની સંસ્કૃતિ, શિક્ષણ, ધંધાવ્યવસાયનો ક્રમશઃ ખાત્મો બોલાવ્યો, અંગ્રેજોને અનુકૂળ ગુલામોની ફોજની મદદથી બલો વરસ રાજ કર્યું. પરિવર્તન અને સ્વાધીનતા માટેની પ્રચંડતમ આંધી સામે અંગ્રેજોએ ઘૂંટણ ટેકવી આપણને સોનાની થાળીમાં આઝાદી આપવાની ફરજ પડી. " રાજુએ કહ્યું.

"પણ એનું આજે શું છે?" મે માથાના વાળ, અલબત, રાજુના વાળ ખેંચતા પૂછયું.

" આઝાદી પછી ઘણા મૂળ નિવાસી ભારતીયોએ ઇંગલેંન્ડના રાજકારણમાં કાઠું કાઢ્યું છે. લઘરવઘર વ્યક્તિત્વના માલિક એવા જહોનસમ બોર્ડને વડા પ્રધાન તરીકે નારાજીનામું આપવું પડ્યું. આપણી પ્રીતિ પટેલ, ઋુષિ સુનક પ્રધાનમંત્રીની રેસમાં હતા. ઋુષિની તમામ લાયકાતો ઉપરાંત ભારતના જમાઈ રાજા હતા. ઇન્ફોસિસ નારાયણ મૂર્તિના જમાઈ રાજા છે. વેરી હરખપદુડાઓ એટલે કે વીએચપીઓએ જશ્ન મનાવવાનું શરૂ કરેલ. ભારતીય મૂળના ઋુષિ બ્રિટનના પ્રધાનમંત્રી બનીને બસો વરસની ગુલામીનો હિસાબ કરશે, અંગ્રેજોનો ચુનચન કે બદલો લેશે, મહારાણી એલિઝાબેથ વયોવૃદ્ધ ઉંમરે ચક્કી પિસશે, ઋુષિ હેન્ટર લઇ લંડન, સ્કોટવેન્જની બજારોમાં ફરશે અને બ્રિટિશરોને કોરડા મારશે એવી ગબ્બરસિંહ બ્રાંડ મંગલાતિમંગલા કલ્પના કરી રહ્યા હતા. બસો વરસની ગુલામીનું કલ્પનોડયન મારફતે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વેર લેવાઇ રહ્યું હતું!!" રાજુએ શબ્દોના લસરકાથી ભવિષ્યના કેનવાસ પર કેવા કેવા ચિત્રો આલેખ્યાં હતા!!

" રાજુ. ગદાર અને ખૂટલ બ્રિચિશરોને ૧૮૪૭ ના વિપ્લવ, મીઠા સત્યાગ્રહ , જલિયાવાલા બાગમાં જે અમાનુષી અને પાશવી - રૂંવાડા ઉભા થઇ જાય તેવા કરેલા જુલ્મોનું પ્રાયશ્ચિત કરવાની અમૂલ્ય તક હતી. તથાકથિત એટીકેટના પૂજારીઓને રિયલ ટાઇમ સોરી કહી આપણા ઝખ્મો પર મલમ લગાવવાની ઐતિહાસિક અને શકવર્તી તક હતી એ તક તેમણે ગુમાવી !!" મેં પણ અફસોસ જાહેર કરતાં કહ્યું

"ગિરધરભાઇ . શરૂઆતના તબક્કે જમાઇબાબુએ બઢત હાંસલ કરેલ.પણ પછી ટ્રૂસ લીધે વીસ હજાર મતથી આપણા ઋુષિભૈયાને છક્કડ ખવડાવી!! એ દિવસ આપણા માટે કાળો દિવસ હતો" રાજુએ કહ્યું!!

"રાજુ .આંગળીથી નખ વેગળા એટલે વેગળા તે આનું નામ!!" મેં કહ્યું.

ભરત વૈષ્ણવ
૫.૯.૨૦૨૨.

# માતૃ મિલન 'ભાદરવી પૂનમ મેળો-અંબાજીઃ CRDFના સહકારથી વધી શ્રદ્ધાળુઓની સુવિધા, ડિજીટલ ગુજરાતનો ડંકો'

## 'મેળામાં ખોવાઈ જતા બાળકોને QR Scan Code ની મદદથી તેમના માતા-પિતા સુધી પહોંચાડવા માટે "માતૃમિલન પ્રોજેક્ટ"નો પ્રારંભ


ગાંધીનગર, ૦૭ સપ્ટેમ્બર, ૨૦૨૨:

અંબાજી ધામમાં ભાદરવી પૂનમના મેળાની શરૂઆત થઈ ચૂકી છે. ગુજરાત સહિત દેશભરમાંથી મા અંબાના દર્શનાર્થે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડે છે. યાત્રાળુઓને શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે માટે, આ વર્ષે પવિત્ર યાત્રાધામ બોર્ડની સાથે મળીને CRDF (CEPT રિસર્ચ અને ડેવલપમેન્ટ ફાઉન્ડેશન) દ્વારા વિવિધ વિભાગો સાથે સંકલન કરીને અંબાજી ખાતે યાત્રાળુઓ માટેની સુવિધાઓના આયોજનની સમીક્ષા કરવામાં આવી રહી છે. સાથે જ યાત્રાળુઓ માટે બહુવિધ સુવિધાઓના પ્લેસમેન્ટ, પાર્કિંગ ફેસેલિટીની ડિઝાઈન અને એનાઉન્સમેન્ટ સિસ્ટમ પર પણ CRDF દ્વારા કામ કરવામાં આવ્યું છે.

ધાર્મિક પ્રવાસન સ્થળોના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા આ તમામ સ્થળોએ શ્રદ્ધાળુઓને કોઈ હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે તમામ સુવિધાઓ વિકસાવવામાં આવી છે. રાજ્યભરમાંથી આવતા લાખો પદયાત્રાળુ માટે અંબાજી માર્ગ પર સેવા કેમ્પનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. સેવા કેમ્પમાં ચા-નાસ્તો, મેડિકલ સેવા કેમ્પ, માલિશ કેમ્પ , આરામ વ્યવસ્થા તેમજ રાત્રિ રોકાણ માટેની અદ્યતન વ્યવસ્થાઓ કરવામાં આવી છે. કોરોના કાળના બે વર્ષ બાદ મેળો યોજાતા ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

યાત્રાળુઓની સુવિધા માટે QR Code ની પહેલ

આ ઉપરાંત, આ વખતે અંબાજીમાં યાત્રાળુઓને કોઈપણ અગવડનો સમનો ન કરવો પડે તે



માટે ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરીને QR Codeની પહેલ કરવામાં આવી છે. આ સ્કેન કરવાથી સરકાર દ્વારા કરવામાં આવેલી તમામ વ્યવસ્થાઓ અને તેના સ્થળની સંપૂર્ણ માહિતી મળી રહેશે.

'માતૃમિલન પ્રોજેક્ટ'નું આયોજન

અંબાજી મેળામાં પરિવારથી વિખૂટા પડેલા કે ગુમ થયેલા બાળકોનું પરિવાર સાથે સુખદ મિલન કરાવવા માટે અનોખો 'માતૃમિલન પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર અને વોડાફોન આઈડીયાના સંયુક્ત ઉપક્રમે "માતૃમિલન પ્રોજેક્ટ"નું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત દરેક બાળકને એક QR-Code કાર્ડ પહેરાવવામાં આવે છે. આ QR- Scan Codeમાં બાળકના વાલીનો મોબાઈલ નંબર એડ કરી લોક કરવામાં આવે છે.

આ ડિજીટલ પહેલથી મેળામાં ખોવાયેલી મહીસાગર જિલ્લાની બે દીકરીઓનું તેમની માતા સાથે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.પોતાના પરિવાર સાથે મા અંબાના પગપાળા દર્શન કરવા પહોંચેલ નેહા પ્રજાપતિએ જણાવ્યું કે 'કોરોનાના બે વર્ષ બાદ જ્યારે આ પ્રકારે આયોજન કરવામાં આવી રહ્યું છે તે ભક્તો માટે ખાસ છે. હવે ફોર લેન રસ્તાથી લઈને ભક્તોને કોઈ પણ હાલાકી વેઠવી ન પડે તે રીતે ટ્રાફિકનું પણ નિયમન કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા કરવામાં આવેલી વિસામા અને રાહત કેમ્પની વ્યવસ્થાના કારણે જરા પણ થાકનો અનુભવ ન થાય તે રીતે અંબાજી પહોંચીને માના દર્શનનો લાભ લઈ શકાયો છે.'

લક્ષ્મણ ઠાકોર અંબાજી

# ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે પ્રાંત સાહેબની અધ્યક્ષ સ્થાને ચૂંટણીલક્ષી બી. એલ. ઓ. ની મીટીંગ યોજાઇ

રિપોર્ટ નિખિલ જોશી
પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા મામલતદાર કચેરીના સભાહોલ ખાતે પ્રાંત અધિકાર સમી વ મામલતદાર નોંધણી અધિકારી - ૧૭ ચાણસ્મા આર. બી. અસારી તેમજ ચાણસ્મા મામલતદારશ્રી વ મદદનીશ મતદાર નોંધણી અધિકારી- ૧૭ ચાણસ્મા ભગવતી બેન ચાવડા અને નાયબ મામલતદારશ્રી મતદાર યાદી ચાણસ્મા કમલેશભાઈ ચૌધરી ના રાહબરી હેઠળ ચૂંટણીલક્ષી મીટીંગ યોજાઇ હતી.

જેમાં તમામ બી.એલ.ઓ., સુપરવાઇઝરો પણ ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને થોડાક જ મહિનાઓ આડા રહ્યા છે ત્યારે સમગ્ર તંત્ર અત્યારથી જ વિધાનસભાની ચૂંટણીને લગતી કામગીરીમાં જોતરાઈ ગયું છે. ત્યારે આજરોજ ચાણસ્મા ખાતે પ્રાંત ઓફિસરના અધ્યક્ષ સ્થાને એક મીટીંગ યોજવામાં આવી હતી.

જેમાં મામલતદારશ્રી ભગવતીબેન ચાવડા, નાયબ મામલતદારશ્રી કલેશભાઇ ચૌધરી, સુપરવાઇઝરશ્રીઓ સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જેમાં બી.એલ.ઓ., સુપેવાઇઝરો ને પ્રાંત ઓફિસર દ્વારા સૂચના આપવામાં આવી હતી કે ૧૮-૧૯ વય જુથના યુવા મતદારો,૨૦ - ૨૯ વય જુથની મહિલાઓ તેમજ ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડ લીંક કરાવવા માટે બી.એલ. ઓ.તથા સુપરવાઇઝરો ને લોકોમાં જાગૃતતા લાવવા માટે વધુમાં વધુ ફોર્મ ભરાય તે માટે સમજૂતી આપી હતી. કોઈપણ સુધારો વધારો તેમજ નવીન ચૂંટણી કાર્ડમાં બાકી રહેવું ન જોઈએ. આ મીટીંગમાં મોટી સંખ્યામાં શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# એનીમલ હેલ્પલાઈન દ્વારા ગૌશાળા-પાંજરાપોળોનાં પશુધનને બચાવવા માટે મુખ્યમંત્રીશ્રીને ગૌમાતા પોષણ યોજનાની તાત્કાલીક અમલવારી કરવા ગાંધીનગર ખાતે રૂબરૂ વિનંતી કરાઈ



શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરૂભાઈ કાનાબાર, એડવોકેટ અભય શાહ વિગેરેની ટીમ દ્વારા ગુજરાતની ગૌશાળા-પાંજરાપોળોના પશુધનને બચાવવા ગાંધીનગર ખાતે રૂબરૂ જઈ ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ સાથે રહીને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરાઈ હતી. રજુઆતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પાંજરાપોળ-ગૌશાળામાં મુખ્યમંત્રીશ્રી તરીકે સંવેદનશીલ નિર્ણલ લઈ મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'' માટે બજેટમાં ૫૦૦ કરોડ રૂપીયા ફાળવવામાં આવ્યા હતા. ત્યારબાદ કેબીનેટમાં મંજુર કરી એક પશુદિઠ ૩૦ રૂપીયા ૧ એપ્રિલ—૨૦૨૨ થી આપવાનું નકકી કરી જાહેરાત પણ કરવામાં આવેલ ત્યારબાદ આજ દિવસ સુધી અમલવારી કરવામાં આવી નથી. સમગ્ર ગુજરાતની પાંજરાપોળ-ગૌશાળાઓમાં નિભાવ થતા લાખો પશુ નિભાવતી પાંજરાપોળ-ગૌશાળાઓ માટે અતિ કપરો સમય આવ્યો છે. ''મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'' તાત્કાલીક શરૂ કરાય તેવી વિનંતી શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરૂભાઈ કાનાબાર સહિતનાઓની ટીમ દ્વારા કરાઈ છે. મુખ્યમંત્રીશ્રીની સાથોસાથ આ રજૂઆત પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ તથા ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને પણ ગાંધીનગર ખાતે રૂબરૂ જઈ કરાઈ છે.ઉપરોકત રજૂઆત ઉપરાંત સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડ કે જે પ્રજા અને સરકાર વચ્ચેનુ સંકલન કરવાનુ ખૂબ મોટું માધ્યમ છે, પરંતુ આ બોર્ડ સુસુપ્ત અવસ્થામાં છે. તાત્કાલીક કાર્યાન્વિત કરવું, ગુજરાતના તમામ જિલ્લાઓમા (એસ.પી.સી.એ.) ની રચના કરી તેને કાર્યાન્વિત કરવુ અને તેના કામોની રોજબરોજની દેખરેખ માટે (એ.ડબલ્યુ.બી) માં અધીકારીની નીમણુંક કરવી. ગુજરાતમાં જેટલા ગૌચર બચ્યા છે તે બાવળ મુકત થાય દબાણ મુકત થાય તેને ફેન્સીંગ થાય તેના અંદર સારો ઘાસચારો ઉગે અને તે દ્વારા તે વિસ્તારના અબોલ જીવોને શાતા વધે તેવુ આયોજન કરવું. જેમ જી.એન.એફ.સી. રાસાયાણીક ખાતર પેદા કરે છે. અને તે માટે રાજય સરકાર દરેક પ્રકારે અર્થ સહાય કરે છે તે રીતે દરેક પાંજરાપોળ ગૌશાળાએ ઓર્ગેનીક મેન્યુર પેદા કરી વ્યવસ્થા છે. ગુજરાત રાજય સરકારની નીતી હોવી જોઈએ. કરૂણા એનીમલ એમ્બ્યુલન્સના વિસ્તૃતિકરણ અને આધુનીકીકરણ બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન. રાજયના ૪ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં અત્યારે આ સેવાઓ સવારથી સાંજ સુધી કાર્યરત હોય છે. પરંતુ આપ સાહેબશ્રીને વિદીત છે કે, આ પ્રકારની સેવાઓ ખાસકરીને મહાનગરોમાં ૨૪ કલાક ચાલુ રહે તો બાકીના સમયમાં પણ અબોલ જીવોને સારવાર અને સારવાર થકી જીવતદાનનો લાભ મળી શકે. રાજયના ૪ મહાનગરોમાં કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ (૧૯૬૨)ની સેવાઓ ૨૪ કલાક, પુરતા સ્ટાફ સાથે તાત્કાલીક શરૂ કરાવવી. સમગ્ર રાજયમાં 'કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ—૧૯૬૨' ની સેવા ૨૪ કલાક કરવામાં આવે. આ સેવા અંતર્ગત ઘાયલ પશુ-પક્ષીઓ માટે શેલ્ટરની વ્યવસ્થા ઉભી કરવામાં આવે. જરૂર પડયે સ્થાનીક ગૌશાળા-પાંજરાપોળ સાથે ટાઈઅપ કરવામાં આવે.દરેક જીલ્લા-શહેરમાં સંકલન માટે એક નોડલ ઓફીસરની નીમણુંક કરવામાં આવે જેથી સમગ્ર વ્યવસ્થા, સેવા, અમલીકરણમાં જવાબદારી સુનિશ્રીત થાય.૧૯૬૨ સેવા અંતર્ગત ઘાયલ પક્ષીઓને સ્વીકારી નજીકનાં નિશ્રીત આશ્રયસ્થાને મુકવામાં આવે. આ સેવા અંતર્ગત પશુધનની સંખ્યા અનુસાર શહેરો/ગામડાઓમાં એમ્બ્યુલન્સ વધારવામાં આવે જેથી સારવાર વધુ ઝડપી થઈ શકે. દરેક ૧૦ ગામ દીઠ '૧૯૬૨ કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ' શરૂ કરવાની સરકારે જે ઘોષણા કરી છે તે તાત્કાલીક ધોરણે અમલીકરણ થાય અને ફરજીયાત પણે દરેક ૧૦ ગામ દીઠ એક એક પશુ એમ્બ્યુલન્સ ચાલુ થાય અને જે ૨૪ કલાક ચાલતી હોય જેથી કોઈપણ પશુ-પંખી હેરાન ન થાય અને પશુપાલકોને સેવા સારી રીતે મળે તેવી રજૂઆત ગાંધીનગર ખાતે રૂબરૂ જઈ કરાઈ હતી. ઉપરોકત તમામ રજુઆતો મુખ્યમંત્રીશ્રીએ શાંતીથી સાંભળીને આ સબસીડીની રકમ અચૂકપણે ગૌશાળા-પાંજરાપોળોને જુની તારીખથી ફરીથી મળશે જ તેમજ જીવદયા અંગેની તમામ રજુઆતોનું તાત્કાલીક નિવારણ થશે તેવી ખાત્રી આપી હતી.

# જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ દ્વારા જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ માટે GeM (Government e Mark^aplace )અને સ્ટાર્ટઅપ અંગેના નીતિ-નિયમો અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

## સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા ઉત્સાહી ઈન્વેસ્ટર્સ સાથે પણ બેઠક યોજવામાં આવી

## સ્ટાર્ટઅપ સેલ ગુજરાતના જોઈન્ટ કમિશનર શ્રી ડી.આર. પરમારની પ્રોત્સાહક ઉપસ્થિતિ



અમદાવાદ ,

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયશન ખાતે આજે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ દ્વારા વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ માટે GeM (Government e Mark^aplace ) પોર્ટલ અને સરકારની સ્ટાર્ટઅપ નીતિઓ અને યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરતો તથા સ્ટાર્ટઅપ પ્રત્યે સંવેદનશીલતા જગાવતો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ તાલીમ કાર્યક્રમમાંGeM (Government e Mark^aplace ) પોર્ટલની ઉપયોગિતા, પોર્ટલ પર કાર્ય કરવા માટે જરૂરી બાબતો, પોર્ટલ વડે વિવિધ ચીજવસ્તુઓ અને સેવાઓ કેવી રીતે પ્રાપ્ત કરવી જેવી અનેકવિધ બાબતો અંગે તલસ્પર્શી જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ અંગેની વિવિધ યોજનાઓ, સહાયો, નીતિ-નિયમો, વિવિધ સરકારી ઉપક્રમો, તાલીમકેન્દ્રો વગેરે અંગે વિગતે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ ઉપરાંત, દિલ્હી ખાતેથી સ્ટાર્ટઅપ ઈન્ડિયાના અધિકારીએ લાઈવ સેશન દ્વારા પણ તાલીમાર્થીઓને કેન્દ્ર સરકારનાં સ્ટાર્ટઅપ અંગેના વિવિધ કાર્યક્રમો, યોજનાઓ અને ઉપકરણો અંગે વિગતે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

આ તાલીમ પ્રસંગે સ્ટાર્ટ અપ સેલ, ગુજરાતનાં જોઈન્ટ કમિશનર શ્રી ડી.આર.પરમાર, જોઈન્ટ કમિશનર, ઈન્ડસ્ટ્રીઝ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી આર. ડી. બારહટ, ધીસ્પોર્ટલના શ્રી સાગર સોની, iACEના શ્રી મનીષ કુમાર, GUJSECના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી મલય શુક્લા અને વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમના બીજા સત્રમાં વિવિધ રોકાણકારોને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં, જેમાં ગુજરાત વેંચર્સ ફંડ લિમિટેડનાં શ્રી ઋચા મહેશ્વરી, ઈન્ડિયા બિઝનાં કો ફાઉન્ડર શ્રી હરિપ્રિયા ભગત ઉપરાંત સ્ટાર્ટ અપમાં રોકાણ કરવા માટે ઉત્સાહી એવા વિવિધ રોકાણકારો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભાભા ગ્રુપ, રાજકોટ તરફથી એનીમલ હેલ્પલાઈન,

# રાજકોટને એક લાખ ને એંસી હજાર રૂપિયાનું માતબર અનુદાન

## બાઈક તેમજ દવાઓ માટે માતબર અનુદાન




રાજકોટ,

ભાભા ગ્રુપ રાજકોટ તરફથી ભાભા હોટેલનાં પારસભાઈ મહેતાની સુપુત્રી તપસ્વી ચિ. જીયાની અઠાઇ તપની આરાધના નિમિતે એનીમલ હેલ્પલાઈનને એક લાખ ને એંસી હજાર રૂપિયાનું બાઈક તેમજ દવાઓ માટે માતબર અનુદાન પ્રાપ્ત થયું છે. ભાભા પરિવારનાં મોભી મગનલાલ લક્ષ્મીચંદ મહેતાનાં આશિર્વાદથી ભરતભાઈ મગનલાલ લક્ષ્મીચંદ મહેતા અને રાજુભાઈ મગનલાલ મહેતા દ્વારા ભાભા પરિવારની દીકરી તપસ્વી ચિ. જીયા પારસભાઈ મહેતાની અઢાઈ તપની આરાધના નિમિતે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન રાજકોટને એક લાખ ને એંસી હજાર રૂપિયાનું બાઈક તેમજ દવાઓ માટે માતબર અનુદાન આપવામાં આવ્યું. તપસ્વી ચિ. જીયાના ૮ ઉપવાસના અનુમોદનાર્થે એનીમલ હેલ્પલાઈનને અનુદાન અર્પણ કરવામાં આવ્યું ત્યારે ભાભા પરિવારનાં સભ્યો, શુભેચ્છકો અપૂલભાઈ દોશી , પ્રતિકભાઈ સંઘાણી, મુરલીભાઈ દવે, હર્ષદભાઈ શાહ, યશવંતભાઈ શાહ, તપસ્વી ચિ. જીયા, ભરતભાઈ મહેતા , દિલીપભાઈ વોરા, વીજયભાઈ શાહ, પારસભાઈ મહેતા , અમીતભાઈ સંઘવી, દૂષ્યંતભાઈ મહેતા , ગૌરાંગભાઈ રમેશભાઈ ઠક્કર, મિત્તલભાઈ ખેતાણી, રીષીભાઈ પારેખ, મયંકભાઈ સંઘવી, રૂષીરાજ શાહ, જયદીપભાઈ વોરા સહિતઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન તરફથી ભાભા ગ્રુપ, રાજકોટનાં માતુશ્રી વસંતબેન મગનલાલ મહેતા, શ્રીમતી પ્રવીણાબેન ભરતભાઈ મહેતા, શ્રીમતી મનીષાબેન રાજેશભાઈ મહેતા , શ્રીમતી કોમલબેન પારસભાઈ મહેતા , શ્રીમતી સલોનીબેન દૂષ્યંતભાઈ મહેતા , દર્શ, આર્યા, મોનિલનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ખારીઘારીયાલ ગામે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ બાબા રામદેવજીની શોભાયાત્રા નીકળી



રિપોર્ટનિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ રામદેવજી મંડળ દ્વારા વાજતે ગાજતે દેશી ઢોલના તાલે તેમજ ડીજેની સૂરીલી સરગમ સાથે રામદેવજીના ગુણગાન સાથે રામદેવજીની ટ્રેક્ટરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે નોમના દિવસે રામદેવજીને ગામના લોકો દ્વારા નેજા ચડાવવામાં આવે છે. અને દશમના દિવસે રાત્રે ભજન કિર્તન કરવામાં આવે છે.અને અગિયારસના દિવસે સાંજના ચાર વાગ્યે રામદેવજીની મૂર્તિને ટ્રેક્ટરમાં બિરાજમાન કરવામાં આવે છે. અને ટ્રેક્ટરને શણગારીને ડીજેના તાલે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

રામદેવજીના ગુણગાન સાથે નીકળેલી શોભાયાત્રા ગામમાં પરિક્રમા કરી ખારીઘારીયાલ ગામે રામદેવજીના નીજ મંદિરે પરત આવી પહોંચી હતી.અને જ્યાં બાબારીના નાદ સાથે શ્રદ્ધાળુઓ ભક્તિ ભાવપૂર્વક બાબારીને નેજા ચડાવવામાં આવ્યાં હતા. સમગ્ર આયોજન રામદેવજી મંડળના ઠાકોર નાગરજી તથા બળવંતજી તેમજ લક્ષ્મણ ભારથી ગોસ્વામી સહિત મંડળે કહ્યું હતું.હાજર રહેલ શ્રદ્ધાળુએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી

# માણાવદર શિક્ષણ જગતનું ગૌરવ...



૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે વર્ષ ૨૦૨૨ ના માણાવદર તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે શ્રી દક્ષેશ જેન્તીલાલ ભોજાણી અને પ્રિયંકાબેન ભૂત (દંપતી) એ સિદ્ધિ હાંસલ કરી છે. જે માણાવદર શિક્ષણ જગત માટે આનંદ અને ગૌરવની બાબત છે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને સમગ્ર દેશમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. જે સમાજ અને સરકારશ્રીના શિક્ષકો પ્રત્યેના આદરભાવને વ્યક્ત કરે છે. શિક્ષક વ્યક્તિ અને સમાજનું ઘડતર કરે છે. એટલા માટે શિક્ષક ક્યારેય સાધારણ નથી હોતો. આ વાતને શ્રી દક્ષેશ ભોજાણી અને પ્રિયંકાબેન ભૂત (શિક્ષક દંપતી) એ પોતાની કાર્ય કુશળતા અને કર્તવ્યનિષ્ઠા દ્વારા સાર્થક કરી બતાવી છે. આ શિક્ષક દંપતીએ પોતાની શાળાઓમાં શૈક્ષણિક ફરજ ઉપરાંત સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણ માટે નવી દિશા આપી છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ વિદ્યાર્થીઓમાં છુપાયેલી સુષુપ્ત શક્તિઓ નિખરે અને સુંદર પ્રતિભા પાંગરે તેવા અનેક પ્રયત્નો આ શિક્ષક દંપતી હર હંમેશ કરતું રહ્યું છે. ફરજ નિષ્ઠાની સાથે શિક્ષક તરીકેના કાર્યને નૈતિક જવાબદારી સમજીને આ દંપતી તન-મન-ધનથી સખત પરિશ્રમ કરે છે. સરકારશ્રી દ્વારા માનનીય મંત્રી શ્રી દેવાભાઈ માલમની વિશેષ ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે આ દંપતીનું સન્માન એ સમગ્ર માણાવદર શિક્ષણ જગત માટે આનંદ અને ગૌરવની બાબત છે. આ દંપતીએ વિદ્યાર્થીઓના હિતાર્થે ઉદારતા દાખવીને સરકારશ્રી તરફથી પુરસ્કાર રૂપે મળેલ રોકડ રકમને શાળાના વિકાસના કાર્યમાં વાપરી પ્રેરણા રૂપ કાર્ય કરેલ છે. બહુમુખી પ્રતિભા ધરાવતા દક્ષેશભાઈ ભોજાણી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે.

ભારત વિકાસ પરિષદ માણાવદર શાખાના સક્રિય સભ્ય તરીકે તેઓશ્રી એ કોરોના કાળમાં ઉત્તમ કામગીરી કરેલ છે. હાલ તેઓ ભારત વિકાસ પરિષદ : સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંતમાં ''ભારત કો જાનો'' ના પ્રકલ્પ સંયોજક તરીકે સુંદર કામગીરી કરી રહ્યા છે.

# થલતેજ ખાતે ઓક્સિજન પાર્કનું આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે લોકાર્પણ



અમદાવાદ,

અમદાવાદના થલતેજ વિસ્તારમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પીપીપી ધોરણે ૪૨૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા ઓક્સિજન પાર્કનું લોકાર્પણ ગુજરાત રાજયના આરોગ્ય અને જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું.

'ઈન્ટરનેશનલ ડે ઑફ ક્લીન એર ફોર બ્લૂ સ્કાઈઝ' નિમિત્તે ઓક્સિજન પાર્કના લોકાર્પણ પ્રસંગે મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર-અમદાવાદ મતવિસ્તારના સાંસદ શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનથી અમદાવાદમાં ગ્રીન કવર વધે એવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઔદ્યોગિક વિકાસ અને વધતાં વાહનવ્યવહારને કારણે પ્રદૂષણના પડકાર સામે અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરની હવાની ગુણવત્તા સુધારવા માટે મિશન મોડ પર કામગીરી હાથ ધરી છે, એ અભિનંદનને પાત્ર છે. એવું મંત્રી શ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રીએ અમદાવાદમાં ગ્રીન કવર વધારવાના પ્રયાસોને બિરદાવતા વધુ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨માં અમદાવાદમાં ભૌગોલિક વિસ્તારના માત્ર ૪.૬૬ ટકા ગ્રીન કવર હતું, જેને ૧૫ ટકા સુધી પહોંચાડવાના લક્ષ્ય સામે હાલમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના વિઝન અને શ્રી અમિતભાઈના માર્ગદર્શન હેઠળ અમદાવાદનું ગ્રીન કવર ૧૦ ટકાએ પહોચ્યુ છે. ઓક્સિજન પાર્ક-અર્બન ફોરેસ્ટના નિર્માણ જેવા અમદાવાદ મહાનગરપાલિકાના પ્રયાસોનું અન્ય પાલિકાઓએ પણ અનુકરણ કરવા જેવું છે.

શહેરી વિસ્તારમાં ઑક્સિજન પાર્કનું મહત્ત્વ સમજાવતાં મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, ઑક્સિજન પાર્ક કે અર્બન ફોરેસ્ટને કારણે હવાની ગુણવત્તા સુધરે છે, સાથે સાથે ક્વોલિટી ઑફ લાઈફમાં પણ વધારો થાય છે. શહેરીજનોના સ્વાસ્થ્ય પર તેની સીધી સકારાત્મક અસરો જોવા મળે છે. અમદાવાદ પર્યાવરણીય પડકારો ઝીલવા સક્ષમ બન્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં મંત્રી શ્રીએ જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાની ચિંતા થઈ રહી હતી ત્યારે આ પડકારને નિવારવા માટે કેવાં પગલાં લેવાં ? કેવા પ્રયાસો કરવા જોઈએ ? એનું વિચારમંથન સૌથી પહેલા ૨૦૦૨માં નરેન્દ્રભાઈએ કરેલું અને સમગ્ર વિશ્વને ઉપાયો સૂચવ્યા હતા. વડાપ્રધાન શ્રીના વિઝન અનુસાર જ ગુજરાતમાં ગ્લોબલ વૉર્મિંગને અટકાવવા માટે ગ્રીન કવર સહિતના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ લોકોને સામૂહિક મુસાફરી કરીને કે પછી જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરીને શહેરમાં પ્રદૂષણ ઘટાડવામાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. તેમણે બિન પરંપરાગત અને પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતને વિકસાવવા અને ક્લીન એનર્જીનો ઉપયોગ વધારવા પર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમમાં બીઆરટીએસનો મહત્તમ ઉપયોગ કરનારા ચાર વિદ્યાર્થીઓને મંત્રી શ્રી ઋષિકેશ પટેલ તથા મહાનુભાવોના હસ્તે સાઈકલ ભેટમાં આપીને પ્રોત્સાહિત કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે થલતેજ વિસ્તારમાં હેબતપુર રેલવે ક્રોસિંગ પાસે ૪૨૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ૧૨,૦૦૦ વૃક્ષો ઉછેરવામાં આવ્યાં છે. આ ઓક્સિજન પાર્કમાં મીયાવાકી પદ્ધતિથી નાનું પરંતુ ગાઢ વન તૈયાર કરવામાં આવ્યું છે.

# આ અભિયાનથી રાજયના ટેકનોસેવી યુવાનોને વધુમાં વધુ ભારતીય જનતા પાર્ટી સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. – શ્રી સી.આર.પાટીલ




ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ભાજપના સોશિયલ મીડિયા કેમ્પેઈન 'BJP Digital Warriors' નો શુભારંભ પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે યોજવામાં આવ્યો. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે એક નંબર (૯૬૨૪૧૮૨૧૮૨) પણ જાહેર કરવામાં આવ્યો અને પ્રદેશ અધ્યક્ષશ્રીએ તેમના નંબરથી મીસ કોલ કરી ડિજિટલ વોરિયર્સ કેમ્પિયનનો પ્રારંભ કરાવ્યો. ટેકનોલોજી યુગમાં વધુ લોકો સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા હોય છે ત્યારે ગુજરાતમાં વધુ યુવાનો ભારતીય જનતા પાર્ટી સાથે જોડાય તે માટે ૧૫ દિવસનો નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રી મનનભાઈ દાણીએ જણાવ્યું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ભાજપના સોશિયલ મીડિયા કેમ્પેઈન 'BJP Digital Warriors' અભિયાન ૨૨ સપ્ટેમ્બર સુધી ચલાવવામાં આવશે. આ અભિયાનથી રાજયના યુવાનોને ભારતીય જનતા પાર્ટી સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. જાહેર કરેલ નંબર પરથી મીસ કોલ કરવાથી કેમ્પેયનમાં જોડાવાની લીંક આવશે. જે લીંક મારફતે જરૂરી વિગતો ભરી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા યુવાનો એ કેમ્પિયનમાં જોડાઈ શકશે.આ અભિયાનથી રાજયના નવ યુવાનોના સુચન તેમજ ફરિયાદને પણ જાણવાનો અવસર મળશે.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને આગેવાનો લોકો સાથે સતત જોડાવવા નવતર અભિગમ થકી પ્રયાસ કરતા હોય છે ત્યારે આજે Digital Warriors અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન થકી અંદાજે ૧ કરોડ ૧૩ લાખથી વધુ ગુજરાત ભાજપના પ્રાથમિક સભ્યો છે. ૮૦ લાખથી વધુ પેજ કમીટીના સભ્યો છે. હજુ વધુ યુવાનો અને શુભેચ્છકોને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ અભિયાનથી ગુજરાતના અલગ-અલગ ક્ષેત્રમાં ટેકનોસેવી યુવાનો ભાજપ સાથે વધુમાં વધુ જોડાશે તેવો વિશ્વાસ છે.

આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરઘનભાઈ ઝડફીયા,પ્રદેશ પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ,સોશિયલ મીડિયા અને આઈટી વિભાગના પ્રદેશ કો.ઓર્ડીનેટરશ્રી પંકજ શુકલજી, સોશિયલ મીડિયાના પ્રદેશ સહ કન્વીનરશ્રી મનનભાઈ દાણી સહિતના પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.